નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :4 MAY 2024 | SATURDAY | Page : 18 | Year : 2 | Issue : 30 | Price: 2/-



સામના મિરર Dt.3/5/2024 | FRIDAY 12


રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીની તૈયારીઓ હવે અંતિમ પડાવમાંઃ મતદાર સ્લીપનું ૮૭% વિતરણ

૨૦૦ મતદાન મથકો પર એરકુલર મુકાશે; મતદાનના દિવસે સવારના ૫-૩૦ વાગ્યે થશે મોકપોલ

ગત ચૂંટણીની સાપેક્ષમાં મતદાનની ટકાવારી વધારવા પ્રયાસ

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીની તૈયારીઓ હવે અંતિમ પડાવમાં

જુઓ પેજ નં.૧૨




# રાજકોટ સહિત અનેક સ્થળોએ ૪૦ ડિગ્રી ઉપર તાપમાન નોંધાયું

રાજકોટ તા.૩: રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ગઈકાલે આંશિક વાદળછાયા વાતાવરણ વચ્ચે વિવિધ સ્થળોએ ૪૦થી ૪૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ગઈકાલે રાજયમાં સૌથી વધુ ગરમી સુરેન્દ્રનગર ખાતે ૪૨ ડીગ્રી નોંધાઈ હતી.

જયારે રાજકોટમાં ૪૦.૩ ડીગ્રી, પોરબંદરમાં ૩૬, વેરાવળમાં ૩૨,૪, તથા અમદાવાદ ખાતે ૪૧.૪, અમરેલીમાં ૪૦.૬, વડોદરામાં ૩૯.૬, ભાવનગરમાં ૩૭.૮, તથા ભૂજમાં ૪૦.૬ ડીગ્રી તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત છોટા ઉદેપુરમાં ૩૮./૭, દાહોદમાં ૩૮.૭, ડાંગમાં ૩૯.૬, ડીસામાં ૪૦.૭, ગાંધીનગરમાં ૩૯, તથા નર્મદામાં ૩૯.૬ ડીગ્રી મહતમ તાપમાન નોંધાવા પામ્યું હતું. જયારે જામનગરમાં આજે બીજા દિવસે પણ સુર્યદેવતા કોપાયમાન થયા હોય તેમ તાપમાન ૩૮ ડીગ્રીએ પહોંચ્યું હતું અને જનજીવન પર અસર જોવા મળી રહી છે. તો શહેરના રસ્તાઓ બપોરના સમયે મસામ બની જાય છે. જામનગરમાં લોકસભાની ચુંટણીને લઈને રાજકિય પક્ષોમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. ત્યારે બીજી બાજુ સુર્યદેવતા પણ કોપાયમાન બન્યા હોય તેમ આકાશમાંથી અગન ગોળા વરસાવી કહ્યા છે.

ઉનાળા મૌસમમાં મહતપ પારો ૩૮ ડીગ્રી રહ્યો હતો. મહતમ નાપમાન ૩૮ ડીગ્રી રહ્યું હતું. જયારે લઘુતમ તાપમાન ૨૫.૫ ડીગ્રી તેમજ ભેજનું પ્રમાણ ૮૦ ટકા અને પવનની ગતિ પ્રતિકલાકના ૮.૪ કી.મી.ની ઝડપે ફુંકાયો હતો. સુર્યદેવતા આકારમાંથી ગરમ ગોળા વરસાવી રહ્યા હોય તેમ લોકો આકરા તાપથી અકળાઈ ઉઠ્યા હતાં. જનજીવન ઉપર અસર જોવા મળી રહી હતી.

શહેરમાં બપોર થતાની સાથે જ રસ્તાઓ સુમસામ જોવા મળ્યા હતાં. યુવતીઓ મહિલાઓએ તાપથી બચવા માટે શરીરને ઢાંકીને બજારમાં નિકળે છે. તો ગ્રામ્ય વિસ્તારમાં પણ પશુઓને ગરમીથી રાહત મળે તે માટે - વૃક્ષો તેમજ પાણીવાળા વિસ્તારોમાં બાંધવામાં આવે છે અને પશુઓને પણ પાણીનો છંટકાવ કરવામાં આવે છે.

એક બાજુ લોકસભાની ચુંટણી ચાલી રહી હોવાથી ગ્રામ્ય વિસ્તારોમાં પડતા ભારે તાપના કારણે રાજકિય કાર્યકર્તાઓમાં દિવસે ઉત્સાહ જોવા મળતો નથી.જો કે રાત્રીના સમયે જામનગર શહેરમાં રાજકીય ચૂંટણી કાર્યાલયો ધમધમી રહ્યા હોય છે.

# સેન્સેક્સમાં ૨૬૦૦ અને નિફ્ટીમાં ૮૦૦ પોઈન્ટની ઉથલપાથલ, રોકાણકારોની સંપત્તિ ૩ લાખ કરોડ ઘટી

અમદાવાદ : વિવિધ સાનુકૂળ અહેવાલો વચ્ચે લોકસભાની ચૂંટણી બાદ સરકાર દ્વારા આવકવેરાના નિયમોમાં ધરખમ ફેરફાર કરવામાં આવવાના અહેવાલો પાછળ ભારતીય શેરબજારમાં આજે ભારે વોલેટાલિટી વચ્ચે સેન્સેક્સમાં ૭૩૩ અને નિફ્ટીમાં ૧૭૨ પોઈન્ટનો કડાકો બોલી ગયો હતો. સેન્સેક્સના ગાબડા પાછળ રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૨.૨૫ લાખ કરોડનું ધોવાણ થયું હતું.

વૈશ્વિક સ્તરે ઈઝરાયેલ- હમાસ યુદ્ધમાં વિરામના સંકેત, ક્રૂડ ઓઈલમાં ઝડપી પીછેહઠ તેમજ અન્ય સાનુકૂળ અહેવાલો વચ્ચે આજે લોકસભાની ચૂંટણી બાદ સરકાર દ્વારા આવકવેરા ખાતામાં તમામ એસેટ ક્લાસ માટે એકસમાન ધોરણો અમલી બનાવાશે તેમજ પેનલ્ટીના નિયમોમાં પણ ફેરફાર કરશે તેવા અહેવાલો પાછળ આજે ભારતીય શેરબજારમાં કડાકો બોલી ગયો હતો.કામકાજના પ્રારંભે નવી લેવાલી પાછળ સેન્સેક્સ એક તબક્કે ૪૮૪ પોઈન્ટ ઉછળીને ૭૫૦૯૫ પહોંચ્યા બાદ ઉપરોક્ત અહેવાલો પાછળ ચોમેરથી આવેલ વેચવાલીના દબાણ પાછળ આજે હેવીવેઇટ શેરો સહિત સ્મોલ, મિડકેપ શેરોમાં પણ મોટા પાયે વેચવાલીનું દબાણ આવતાં એક તબક્કે સેન્સેક્સ વધ્યા મથાળેથી ૧૬૨૭ પોઈન્ટ તૂટીને ૭૩૪૬૭ના મથાળે ઉતરી આવ્યો હતો. જો કે, પાછળથી નીચા મથાળે નવી લેવાલી પાછળ અડધો ઘટાડો રિકવર થયો હતો. આમ છતાં કામકાજના અંતે ૭૩૨.૯૬ પોઈન્ટ તૂટીને ૭૩,૮૭૮.૧૫ની સપાટીએ બંધ રહ્યો હતો. નિફ્ટી પણ આજે કામકાજના પ્રારંભિક તબક્કામાં ૧૪૬.૫૦ વધીને ૨૨,૭૯૪ની નવી ઉંચાઈએ પહોંચ્યા બાદ વેચવાલીના દબાણે ૪૪૬ પોઈન્ટ તૂટીને ૨૨,૩૪૮ ઉતરી આવ્યો હતો. જે કામકાજના અંતિમ તબક્કામાં નીચા મથાળે નવી લેવાલી પાછળ રિકવર થયો હતો આમ છતાં કામકાજના અંતે ૧૭૨.૩૫ તૂટીને ૨૨,૪૭૫.૮૫ના મથાળે બંધ રહ્યો હતો. આમ, આજે સંપૂર્ણ સત્ર દરમિયાન સેન્સેક્સમાં ૨૬૦૦થી વધુ પોઈન્ટની અને નિફ્ટીમાં ૮૦૦થી વધુ પોઈન્ટની ઉથલપાથલ જોવા મળી હતી. સેન્સેક્સમાં બોલેલા કડાકા પાછળ આજે રોકાણકારોની સંપત્તિ (બીએસઇ માર્કેટ કેપ) રૂ. ૨.૨૫ લાખ કરોડ ઘટીને રૂ. ૪૦૬.૨૪ લાખ કરોડ રહી હતી.



## તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# જીવનધારા ઝાંખી થવા લાગી



ભારત પોતાને વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થાઓમાંની એક તરીકે ગર્વ કરે છે પરંતુ વિશ્વના સૌથી પ્રદૂષિત દેશમાંથી એક તરીકે તેની પ્રતિષ્ઠા તેના પર ભારે પડી રહી છે. વૈશ્વિક હવાની ગુણવત્તા પર સ્વિસ સંસ્થા દ્વારા બહાર પાડવામાં આવેલા રિપોર્ટ અનુસાર, ભારત બાંગ્લાદેશ અને પાકિસ્તાન પછી વિશ્વનો ત્રીજો સૌથી પ્રદૂષિત દેશ છે. આ રેન્કિંગ હવામાં ૨.૫ માઇક્રોન અથવા તેનાથી ઓછા કણોની ઘનતા (પીએમ ૨.૫) પર આધારિત છે. આ ફેફસાં અને હૃદયના રોગો તેમજ કેન્સર અને અકાળ મૃત્યુ સાથે જોડાયેલું પરિબળ છે. ઈ. સ.૨૦૨૩ માં ભારતની વાર્ષિક પીએમ ઘનતા જે બાંગ્લાદેશના ૭૯.૯ મિલિગ્રામ પ્રતિ ઘન મીટર અને પાકિસ્તાનની ૭૩.૭ મિલિગ્રામ પ્રતિ ઘન મીટર કરતાં ઓછી છે. ભારતના રેન્કિંગ વિશે આશ્ચર્યજનક વાત એ છે કે તે ઈ. સ. ૨૦૨૨માં આઠમા સ્થાને હતું ત્યાંથી ૨૦૨૩માં ત્રીજા સ્થાને આવી ગયું છે. ધૂમાડો વધતો જ જાય છે. ભારતને પ્રદુષિત દેશ તરીકે સૌથી પહેલા સ્થાનમાં આવતા પણ બહુ વાર નહીં લાગે. એનું કારણ એ છે કે સામાન્ય નાગરિકનું હજુ એ તરફ ધ્યાન નથી. જે જે મહાનગરોમાં લોકો શ્વાસ અને ફેફસાના દરદીઓ બનવા લાગ્યા છે તેમને તેમના ડોક્ટરોએ કહી દીધું છે કે આ નગરમાં વસવાટ તમારા માટે યોગ્ય નથી, કારણ કે અહીં હવે જીવનધારા ઝાંખી થવા લાગી છે. પરંતુ ડોક્ટરોના કહેવાથી કોઈ નાગરિક શહેર છોડી દે એવું બનતું નથી સમય અને સંયોગોમાં ફસાઈ ગયેલા નગરજનો ક્યાંય જઈ શકતા નથી. એનું સૌથી મોટું ઉદાહરણ પાટનગર નવી દિલ્હી છે. બીજે જવાની વાત તો ઠીક છે, અધિકારીઓ પોતાની બદલી માટેની દરખાસ્ત પણ કરતા નથી, કારણ કે તેઓ એક ને એક ઘરેડમાં ટેવાઈ ગયા હોય છે. ભારતમાં રાજનેતાઓના અગ્રતાક્રમોમાં ક્યાંય હવાનું પ્રદૂષણ આવતું નથી કારણ કે એ લોકોને ખ્યાલ જ નથી કે આપણા દેશમાં ગરીબી અને બેકારી કે મોંઘવારી જેવો જ અસ્તિત્વનો સૌથી મોટો સંઘર્ષ હવાના પ્રદૂષણને કારણે ઉભો થઈ રહ્યો છે. એ પણ નોંધનીય છે કે અન્ય બે દેશોથી વિપરીત, ભારતની પીએમ ઘનતા ૨૦૨૧થી ઘટી છે. તે સમયે તે સ્તર ૫૮.૧ મિલિગ્રામ પ્રતિ ઘન મીટર હતું. આમ હોવા છતાં, વિશ્વના ૫૦ સૌથી પ્રદૂષિત શહેરોમાંથી ૪૨ ભારતમાં છે. નવી દિલ્હી સતત બીજા વર્ષે વિશ્વની સૌથી પ્રદૂષિત રાજધાની તરીકે ઉભરી આવ્યું છે અને ઈ. સ. ૨૦૨૨ થી તેનું પ્રદર્શન સતત ખરાબ થઈ રહ્યું છે. આ આંકડો એવા લોકો માટે બિલકુલ ચોંકાવનારો નથી કે જેઓ શહેરી ભારતમાં રહે છે અને શ્વાસ લેવામાં તકલીફને કારણે દરરોજ ડાક્ટરોની મુલાકાત લેવી પડે છે અથવા જેઓ સતત શહેરોના પ્રદૂષિત વાતાવરણમાં રહેવાથી ટેવાઈ ગયા છે અને એના વિકલ્પો પર વિચાર કરવાની ક્ષમતા જ ગુમાવી દીધી છે, એવા લોકો માટે ખરેખર આ સ્થિતિ નવી નથી. ઈંચઅશાહિ અહેવાલ મુજબ, ૧.૩૬ અબજ ભારતીયો, અથવા કુલ વસ્તી કરતાં સહેજ ઓછા, એવા વાતાવરણમાં રહે છે જ્યાં પીએમ સાંદ્રતા વિશ્વ આરોગ્ય સંસ્થાની ૫ મિલિગ્રામ પ્રતિ ઘન મીટરની માર્ગદર્શિકા કરતાં ઓછી છે. આ યાદીમાં બિહારનું બેગુસરાય ટોપ પર છે. ઈ. સ. ૨૦૨૨માં, આ શહેરનો આ સૂચિમાં સમાવેશ કરવામાં આવ્યો ન હતો પરંતુ વાર્ષિક સરેરાશ વાંધાજનક ઘનતા ૧૧૮ પ્રતિ ઘન મીટર કરતાં વધુ હોવાનો અંદાજ છે. ગુવાહાટીમાં તે પ્રદૂષણ ઈ. સ. ૨૦૨૨ના સ્તરથી બમણું થઈ ગયું છે. અશ્મિભૂત ઈંધણને બાળવું એ પ્રદૂષણનો એક મુખ્ય સ્રોત હોવાથી, દેશમાં નબળી હવાની ગુણવત્તા એ પણ દર્શાવે છે કે નવીનીકરણીય ઉર્જા અપનાવવા માટે પૂરતા પ્રયત્નો કરવામાં આવી રહ્યા નથી. આ સ્થિતિ ભવિષ્યમાં આર્થિક વિકાસની ગતિને લગતી સમસ્યા પણ સૂચવે છે. થર્મલ પાવર પ્લાન્ટ હજુ પણ દેશના કુલ વીજળી ઉત્પાદનમાં ૭૦ ટકા હિસ્સો ધરાવે છે. તાજેતરમાં જાહેર કરાયેલ રૂફટોપ સોલાર પ્રોજેક્ટ જેવા મોટા પ્રોજેક્ટ્સમાં પણ પરિસ્થિતિમાં મોટો ફેરફાર લાવવાની ક્ષમતા છે, પરંતુ આ માટે પાવર સંબંધિત નીતિઓમાં પણ મહત્વપૂર્ણ ફેરફારો કરવા પડશે.

# મતદાન જાગૃતિ માટે પાણીમાં તરતી મેજિક રંગોળી પ્રદર્શનને કલેક્ટર ખુલ્લું મુક્યું



સામના મિરર, સંવાદદાતા

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં નાગરિકો મહત્તમ મતદાન કરે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ સિસ્ટેમેટીક વોટર્સ એજ્યૂકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પ્લિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત મતદારોને જાગૃત કરવા હાલ જિલ્લામાં વિવિધ સમૂહ કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે. જે અન્વયે આજે કલેક્ટર કચેરી ખાતે મતદાન પ્રેરિત રંગોળી દ્વારા મતદાર જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો.

કલેક્ટર પ્રભવ જોશીના હસ્તે કલેક્ટર કચેરી ખાતે રંગોળી કલાકાર પ્રદીપ દવે દ્વારા વક્રીભવનના વિજ્ઞાનનો પ્રયોગ કરીને બનાવવામાં આવેલી પાણીમાં તરતી મેજિક રંગોળીના પ્રદર્શનને દીપ પ્રાગટ્ય કરી ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. આ મેજિક રંગોળી કલેક્ટર કચેરી ખાતે તા. ૭ મે 'મતદાન દિવસ' સુધી પ્રદર્શિત કરવામાં આવશે. સાથે જ વિવિધ ગ્રામ્ય વિસ્તારોની સખી મંડળની બહેનો દ્વારા કલેક્ટર કચેરી ખાતે વિશાળ રંગોળીનું નિર્માણ કરી મતદારોને પ્રેરિત કરવામાં આવ્યા હતા. વધુમાં તાલુકા સેવા સદન જસદણ, રાજકોટ પૂર્વમાં ગવર્મેન્ટ ફાર્મસી કોલેજ, તાલુકા સેવાસદન ધોરાજી, માતૃશ્રી વીરબાઈમાં મહિલા કોલેજ, ગૌરીદડ, છાપરા, કસ્તુરબાધામ, પીપળીયા, માલિયાસણ, ખારચીયા સહીતના ગામોમાંથી સખીમંડળની અંદાજે ૨૫ બહેનોએ જિલ્લા કલેક્ટર કચેરી, જૂની કલેક્ટર કચેરી, બહુમાળી ભવન ચોક અને જિલ્લા પંચાયત કચેરી ખાતે રંગોળી કરીને મતદાનના મહત્વને ઉજાગર કર્યુ છે.

# મૂવિંગ બેટરી ઓપરેટેડ વોટિંગ મોડેલ બન્યું આકર્ષણનું કેન્દ્ર

લોકશાહીનું પર્વ નજીક આવી રહ્યું છે. તેવામાં રાજકોટ સંસદીય મતવિસ્તારના વિવિધ વિસ્તારોમાં મતદાન જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવે છે. જે અન્વયે રાજકોટ મહાનગરપાલિકાના કર્મચારીઓએ ટ્યઝઊ ત્ર્ઘછ ઈંગઉઈંઅ ૨૦૨૪ શબ્દોની રંગોળી બનાવી લોકોને મતદાન અંગે જાગૃત કર્યા હતા. રાજકોટ શહેરની ધોળકિયા સ્કૂલ ખાતે મતદાન જાગૃતિ સંદર્ભે સ્કૂલના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ મૂવિંગ બેટરી ઓપરેટેડ વોટિંગ મોડેલ બનાવીને લોકોમાં આકર્ષણ જમાવ્યું હતું. તેમજ સ્કુલના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ટ્યઝઊ ત્ર્ઘછ ઈંગઉઈંઅની સુંદર રંગોળી બનાવીને લોકોને મતદાન કરવા પ્રેરિત કર્યા હતા.




# મનપા દ્વારા ઈનોવેશન એપ્રોચ ફોર વેસ્ટ મેનેજમેન્ટ સેમિનાર યોજાયો

રાજકોટ મહાનગરપાલિકા તથા ત્રજ્ઞઅઈઉના સંયુક્ત ઉપક્રમે રાજકોટ શહેરી સ્થાનિક સંસ્થાઓના અધિકારીઓની વ્યવસાયિક કાર્યક્ષમતા વધારવા માટે Innovative Approaches for Waste Management સેમિનારનું આયોજન કરવામાં આવેલ. આ સેમિનારમાં શહેરના પ્લાસ્ટિક કચરા, ઔદ્યોગિક કચરા વગેરેને હેન્ડલ કરવા અને તેને ઉપયોગી સામગ્રીમાં રૂપાંતરિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું તેમજ વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ વિશે પણ સમજાવવામાં આવ્યું હતું.ડો. ઉપેન્દ્ર પટેલ (પ્રોફેસર સિવિલ એન્જિનિયર વિભાગ, ખજ્ઞ વડોદરા) દ્વારા ન્યુનતમ ઉર્જા અને ગટર માટે ઓછી કિંમતની અને વિશ્વસનીય ટ્રીટમેન્ટ સિસ્ટમ પર ચર્ચા કરવામાં આવેલ.

# જસદણ જીઆઈડીસી મંગળવારે રજા પાળી કારીગરો સાથે મતદાન કરશે



**(હુસામુદ્દીન કપાસી દ્વારા)**

જસદણ, તા. ૩ઃ લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત રાજકોટ જીલ્લામાં મતદાન પ્રત્યે લોકોમાં જાગૃતિ આવે અને વધુમાં વધુ લોકો આગામી લોકસભાની ચૂંટણીના મહાપર્વમાં સહભાગી થાય તે પ્રકારે મતદાન જાગૃતિ લાવવા માટે રાજકોટ જીલ્લા ચુંટણી અધિકારી અને કલેક્ટર પ્રભવ જોષીના માર્ગદર્શન હેઠળ તંત્ર દ્વારા તડામાર કામગીરી કરાઈ રહી છે ત્યારે મતદારોને મતદાન પ્રત્યેની ઉદાસીનતા દુર કરી પોતાના મતની શકિતનું મૂલ્ય સમજીને ઉત્સાહપૂર્વક મતદાન માટે જસદણ જીઆઈડીસી એસોસિએશનના પ્રમુખ વિજયભાઈ રાઠોડએ જણાવ્યું હતું કે આગામી તા.૭ મે ૨૦૨૪ ને મંગળવારના રોજ જસદણ જીઆઈડીસી એસોસિએશન હેઠળ આવતાં તમામ કારખાનાઓ સરકારની સુચના અનુસાર બંધ પાળી તમામ માલિકો અને કારીગરવર્ગ મતદાન કરી પોતાની ફરજ બજાવશે

તેમણે કહ્યું હતું કે લોકશાહીના મહાપર્વમાં દરેક મતદારોએ પોતાની ભાગીદારી સુનિશ્ચિત કરવા ઉત્સાહપૂર્વક આગળ આવી અવશ્ય મતદાન કરવું જોઈએ ખાસ કરીને ભુતકાળની મતદાનની ટકાવારી શહેરી મતદારોની ઉદાસીનતા દર્શાવે છે ત્યારે આગામી તા.૭ મે ને મંગળવારના રોજ હું અને મારો પરિવાર દેશ માટે મત આપવા જવાનો છું અને મત આપીશું તમે પણ દુનિયાની સૌથી મોટી લોકશાહી ધરાવતા દેશના યોગ્ય ઉમેદવારને ઉત્સાહથી મત આપવા નમ્ર વિનંતી કરું છું.

# ભાણવડ પોલીસ સ્ટેશનના ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી ધોરાજી સીટી પોલીસ

ધોરાજી, તા. ૩ઃ દેવભુમિ દ્વારકા જિલ્લાના ભાણવડ પોલીસ સ્ટેશનના ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી નાશતા ફરતા આરોપીને પકડી પાડતી ધોરાજી સીટી પોલીસ રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવ ની સુચના તથા નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજકોટ ગ્રામ્ય જયપાલસિંહ રાઠૌડ ના તથા નાયબ પોલીસ અધિક્ષક આર.એ.ડોડીયા , જેતપુર વિભાગ જેતપુર નાઓએ નાશતા-ફરતા આરોપીને પકડી પાડવા સુચના આપેલ હોય જે અન્વયે ધોરાજી સીટી પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. આર.જે.ગોધમના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફના પો.સબ.ઈન્સ. પી.કે.ગોહીલ તથા સર્વેલન્સ સ્ટાફના માણસો ધોરાજી સીટી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન ફરતા ફરતા ધોરાજી અવેડા ચોક પાસે આવતા સંયુક્તરાહે બાતમી હકીકત મળેલ કે ભાણવડ પોલીસ સ્ટેશન જીલ્લોઃ દેવભુમિ દ્વારકાના ગુજરાત પ્રોહી.એક્ટની કલમ-

આરોપી સદામશા હુસેનશા રફાઈ,રહે.સોનાપુરી રોડ, રામપરા, ધોરાજી વાળો ધોરાજી આવકાર ચોકડી તરફથી ધોરાજી સરદાર ચોક તરફ આવી રહ્યો છે તેવી ચોક્કસ



તસવીરઃ વિમલ સોંદરવા ધોરાજી

હકીકત મળતા તુરતજ ત્યાં વોચમા રહેતા એક શખ્સ આવકાર ચોકડી તરફથી આવતા તુરતજ તેને પકડી લઇ નામ પુછતા પોતે પોતાનુ નામ સદામશા હુસેનશા રફાઈ જાતે.ફકીર ઉ.વ.૨૫ ધંધો. મજુરી રહે. સોનાપુરી રોડ, રામપરા, ધોરાજીવાળો હોવાનુ જણાવતો હોય અને આરોપીની પુછપરછ કરતા પ્રથમ ફર્યુ ફર્યુ બોલતો હોય અને કોઇ સંતોષકારક જવાબ આપતો ના હોય બાદ યુક્તી પ્રયુક્તીથી પુછપરછ કરતા આરોપી સદ્દામે ભાણવડ જિ. દેવભુમિ દ્વારકા ખાતે દેશીદારૂની સપ્લાય કરેલ હોવાનુ જણાવતો હોય અને જેમા પોતે અટક કરવા પર બાકી હોવાનુ જણાવતો હોય જેથી આરોપીને ભાણવડ પો.સ્ટે. જીલ્લોઃ દેવભુમિ દ્વારકાના અટક કરી આગળની ઘટીત કાર્યવાહી કરવા સારૂ ભાણવડ પોલીસને સોંપી આપેલ છે.

આ કામગીરીમા ધોરાજી સીટી પો.સ્ટે.ના પોલીસ ઈન્સ. આર.જે. ગોધમ તથા પો.સબ.ઇન્સ.પી.કે.ગોહીલ તથા પો.હેડ કોન્સ. અશોકભાઇ ગોહેલ કીશોરભાઇ લુણશીયા. શક્તિસિંહ જાડેજા. લાખુભા રાઠોડ પંકજભાઇ તણસાણીયા વુ.પો.હેડ.કોન્સ.મીરાબેન ડાંગર વિગેરે પોલીસ સ્ટાફ સાથે રહી કામગીરી કરવામા આવેલ છે.

# પત્રિકા કાંડઃ કોંગ્રેસે માનસિકતા છતી કરીઃ ભરત બોઘરાનું નિવેદન

રાજકોટ, તા.૩ઃ રાજકોટમાં કડવા અને લેઉવા પટેલો વચ્ચે વૈમનસ્ય સર્જાય એવી પત્રિકા વાઇરલ કરવાના કેસમાં પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ ડો. ભરત બોઘરાએ કોંગ્રેસની માનસિકતા છતી થયાનો પ્રતિભાવ આપ્યો છે. ડો. બોઘરાએ આ મામલે જણાવ્યું હતું કે, કોંગ્રેસે તુષ્ટિકરણની રાજનીતિ કરી છે અને તેની માનસિકતા પણ છતી કરી છે. આ પત્રિકાથી વૈમનસ્ય સર્જવાનો પ્રયાસ કર્યો છે. વિપક્ષ પાસે હાલ કોઇ મુદ્દા નથી અને નીતિ પણ નથી. આ રીતે કોંગ્રેસ જ્ઞાતિ વચ્ચે વેરઝેર ઉભું કરાવે છે.

જે લોકોએ ખોટું કર્યું છે એ લોકો સમાજને તોડી રહ્યા છે. અમારી પાર્ટીને ડેમેજ કરી રહ્યા છે. આ કેસમાં કાયદેસર કાર્યવાહી ચાલું છે અને જે જવાબદાર હશે તેને ભોગવવું પડશે એ નક્કી છે.

# ધોરાજી ગોવર્ધનનાથજી હવેલી દ્વારા આજે મહાપ્રભુજીનો ૫૪૭ મો પ્રાગટ્ય ઉત્સવ ભવ્ય રીતે ઉજવશે

## જગદગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજીનો ૩ દિવસીય ૫૪૭મો પ્રાગટ્ય ઉત્સવની શનિવારે પુર્ણાહુતી





તસવીરઃ વિમલ સોંદરવા ધોરાજી

### ■ વરણાગી શોભાયાત્રા આજે સાંજે ૪:૩૦ વાગે શ્રીગોવર્ધનનાથજીના મંદિરેથી પ્રારંભ થશે

ધોરાજી, તા. ૩ઃ ધોરાજી ગોવર્ધનનાથજી હવેલી દ્વારા આવતીકાલે શનિવારે મહાપ્રભુજી નો ૫૪૭ મો પ્રાગટ્ય ઉત્સવ ભવ્ય રીતે ઉજવશે. જગદગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજી નો ૩ દિવસીય ૫૪૭ મો પ્રાગટ્ય ઉત્સવ ની શનિવારે પુર્ણાહુતી સાથે વિશાળ શોભાયાત્રા નીકળશે. ધોરાજીના બાલધા ચોરા પાસે આવેલ શ્રી ગોવર્ધનનાથજી હવેલી કરી આ વાત ખાતે તારીખ ૨ થી ૪ ત્રણ દિવસીએ શ્રીમદ જગતગુરુ આચાર્યજી મહારાજનો ૫૪૭ મો પ્રાગટ્ય મહોત્સવ ઉજવાઈ રહ્યો છે જેના ભાગરૂપે આવતીકાલે શનિવારે હવેલીમાં સવારથી સાંજના ચારને ૩૦ કલાક સુધી વિવિધ મંડળ યોજાશે બાદ સાંજે ૪:૩૦ કલાકે વિશાળ શોભાયાત્રા બાલદાચોરા કરિયાવાડ ગોવર્ધનનાથજી ની હવેલી ખાતેથી નીકળશે જે શોભાયાત્રા ધોરાજીના દરબારગઢ મેન બજાર ત્રણ દરવાજા ગેલેક્સી ચોક થઈ કડવા પાટીદાર સમાજ ખાતે પૂર્ણ થશે.

જગદગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજી નો ૫૪૭ મો પ્રાગટ્ય ઉત્સવ ગુરુવાર તાઃ૨ના રોજ પ્રારંભ થયો હતો જેમાં નૃત્ય નાટિકા તેમજ પાઠશાળાના વૈષ્ણવ દ્વારા કાર્યક્રમ યોજવામાં આવેલ.

**બાળકો નો કાર્યક્રમ સમય :** સાંજે ૫ વાગે સ્થળઃ શ્રી ગોવર્ધનનાથજીના મંદિરની પાછળ સાત સ્વરૂપની હવેલી વિવિધ કાર્યક્રમો કરવામાં આવેલા હતા બાદ આવતીકાલે

શનિવાર શ્રી મહાપ્રભુજી નો પ્રાગટ્ય ઉત્સવ પલના દર્શન સવારે ૧૧ વાગે રાજભોગ માં તિલક નંદમહોત્સવ.

બપોરે :૧:૩૦ વાગે બાદ વરણાગી શોભાયાત્રા સાંજે ૪:૩૦ વાગે

શ્રીગોવર્ધનનાથજીના મંદિરે પ્રારંભ થશે જે કડવા પાટીદાર સમાજે પધારશે. ત્યાર બાદ આપશ્રી દ્વારા પાદુકાજીના કેસર સ્નાન તેમજ આપશ્રી ના વચનામૃતનો લાભ પ્રાપ્ત થશે.

શુભ સ્થળઃ કડવા પાટીદાર સમાજ, ધોરાજી, ખાતે કાર્યક્રમની સાંજે પૂર્ણાહુતિ થશે. ધોરાજીના વૈષ્ણવોએ આદિત્ય લાભ લેવા ગોવર્ધનનાથજી હવેલી દ્વારા ખાસ જાહેર નિમંત્રણ પાઠવેલ છે.

---

# શ્રી મોચી જ્ઞાતિ સમાજ ટ્રસ્ટની શુભેચ્છા મુલાકાત લેતા ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રી પરસોતમભાઈ રૂપાલા

રાજકોટ, તા. ૩ઃ માનનીય શ્રી પરસોતમભાઈ રૂપાલા એ શ્રી મોચી જ્ઞાતિ સમાજ ટ્રસ્ટની મોચી મંદિર વાડી ખાતે સમસ્ત મોચી સમાજના આગેવાનોની મુલાકાત લીધેલ હતી અને સમસ્ત મોચી સમાજના પારિજાત પાર્ટી પ્લોટ રાજકોટ ખાતે યોજાયેલ સ્નેહમિલન સમારંભ ખૂબ જ સફળ બનાવવા માટે પ્રમુખશ્રી બીપીનભાઈ જેઠવા ને, બધા જ આગેવાનો અને કાર્યકરો ને ધન્યવાદ પાઠવેલ અને ભારતીય જનતા પાર્ટીને સહકાર આપવા બદલ આભાર વ્યક્ત કરેલ.

શ્રી મોચી જ્ઞાતિ સમાજ ટ્રસ્ટ દ્વારા પ્રમુખ શ્રી બિપીનભાઈ જેઠવા અને



આગેવાનો દ્વારા શ્રી પરસોતમભાઈ રૂપાલાને શ્રી રામ મંદિર ની પ્રતિકૃતિ રૂપે એક ખાસ મોમેન્ટ આપવામાં આવેલ અને હાર પહેરાવીને તેમનું સન્માન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે શ્રી પરષોત્તમભાઈ રૂપાલાની સાથે રાજ્યસભાના સંસદ સભ્ય શ્રી રામભાઈ મોકરીયા પણ ઉપસ્થિત રહેલ. આ મુલાકાત સમયે મોચી જ્ઞાતિ સમાજ રાજકોટના પ્રમુખશ્રી બીપીનભાઈ જેઠવા, સુરેશભાઈ ચૌહાણ, ભાજપના આગેવાન કાર્યકર્તા કિન્નરીબેન ચૌહાણ, લાલજીભાઈ ગોહેલ, દિવ્યેશભાઈ પરમાર, રસિકભાઈ ઝાલા, ચંદ્રેશભાઈ ચૌહાણ, દિનેશભાઈ ચૌહાણ, એડવોકેટ મહેશભાઈ યાદવ, ભાજપના ગાંધીગ્રામ ના આગેવાન રમાબેન વાઘેલા, ગાંધીગ્રામ વિસ્તારના પ્રમુખ શ્રી કમલેશભાઈ ચાવડા, ગિરીશભાઈ, કિરીટભાઈ, રમેશભાઈ, વિશાલભાઈ, યોગેશભાઈ અને કાર્યકર્તાઓ વગેરે ઉપસ્થિત રહેલા હતા.

# ગાંધીજીનું માન નહીં જાળવનારા નેતાઓના પક્ષ પાસે શું અપેક્ષા રાખવીઃ કોંગ્રેસમાં ફરી ભંગાણ : અશોક ડાંગર ભાજપમાં

■ **પૂર્વ મેયર અને લડાયક નેતાએ ફરી વખત કેસરીયો ખેસ ધારણ કર્યો**

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા. ૩ઃ રાજકોટ કોંગ્રેસના દિગ્ગજ નેતા, પૂર્વ પ્રમુખ અને પૂર્વ મેયર અશોકભાઇ ડાંગર આજે તેમના સાથી કોંગી કાર્યકર મિત્રો સાથે રાજકોટ લોકસભાના ઉમેદવાર પરસોતમભાઇ રૂપાલાની હાજરીમાં ભાજપમાં જોડાઇ જતા પ્રદેશ ઉપાધ્યક્ષ ડો. ભરત બોઘરા અને શહેર પ્રમુખ મુકેશ દોશીએ તેમને ખેસ પહેરાવીને આવકાર્યા હતા.



આ ઉપરાંત હરીભાઇ ડાંગર અને ભીખુભાઇ ગજેરા પણ ભાજપમાં જોડાતા તેમને આવકારવામાં આવ્યા હતા. આગામી દિવસોમાં કોંગ્રેસના વધુ કાંકરા ખેરવી કોંગ્રેસને મૃતઃપ્રાય કરવા તેમણે સંકલ્પ જાહેર કર્યો હતો. અશોકભાઇ ડાંગરે જણાવ્યું હતું કે ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની રાષ્ટ્રવાદની વિચારધારા સાથે તેઓ સામેલ થયા છે. રામમંદિર સાથે તેમની લાગણી પણ જોડાયેલી છે. જે પાર્ટીના નેતા પૂજય મહાત્મા ગાંધીજીનું અપમાન કરતા હોય છતાં પાર્ટીમાં કાર્યરત હોય તેની પાસે શું અપેક્ષા રાખવી?

૧૯૮૩થી જાહેર જીવનમાં સક્રિય અશોકભાઇ ડાંગર બે ટર્મ કોર્પોરેટર, એક ટર્મ મેયર અને ત્રણ વખત કોંગ્રેસ પ્રમુખ રહી ચૂકયા છે. કોંગ્રેસમાં કોઇ પણ સ્થિતિ હોય ઉપર સાંભળનારૂ કે જવાબ આપનારૂ કોઇ નથી. આ સ્થિતિમાં કોંગ્રેસનું ભવિષ્ય દેખાતું નથી તેમ જણાવ્યું હતું તેઓ ખાદીગ્રામ બોર્ડમાં ડાયરેકટર પણ હતા. તેમના ભાજપ પ્રવેશ સમયે સાંસદ રામભાઇ મોકરીયા, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

## રાજુલા વનવિભાગની સરાહનીય કામગીરી : પીપાવાવ રેલ્વે ટ્રેક પરથી ૯ સિંહોને સુરક્ષિત રીતે ખસેડાયા


રાજુલા, તા. ૩ઃ રાજુલાના પીપાવાવ રેલ્વે ટ્રેક પર મોડીરાતે ૯ જેટલા સિંહો આવી ચડ્યાની ધટના સામે આવી હતી. જોકે આ અગાઉ પણ સિંહો રેલ્વે ટ્રેક પર આવી જતા વનવિભાગે સુરક્ષિત રીતે ખસેડી જીવ બચાવ્યો હતો. ત્યારબાદ ફરી રાજુલા રાઉન્ડના રાજુલા બીટ-૧ના ઉચૈયા ગામના ધોધમ વિસ્તારમાં રાત્રીના સમયે રેલ્વે ટ્રેકથી ૭૦ મીટર દુરના અંતરે વન્યપ્રાણી સિંહ ૯ ના ગ્રૂપનુ અવલોકન સ્થાનીક ટ્રેકર્સ કિશોરભાઇ ધાખડા તથા વનમિત્ર લાલભાઇ દ્વારા થતા જેની જાણ રેન્જ ફોરેસ્ટ ઓફિસર વાય.એમ.રાઠોડને થતા તાત્કાલીક રેન્જના સ્ટાફ સ્થળ પર દોડી આવ્યા હતાં. અને નીરીક્ષણ કરવામાં આવ્યું. ત્યારબાદ આ ગૃપની મુવમેન્ટ રાત્રીના કલાકના અરસામાં ભેરાઇ ગામના રેવન્યુ વિસ્તારમાં રેલ્વે સ્ટોન નંબર ૧૬/૭ થી ૧૬/૮ ફેંસીગની બહાર થયેલ હોય વન્યપ્રાણી સિંહના ગૃપ દ્વારા



રીપોર્ટરઃ ધર્મેશ મહેતા-રાજુલા

ભુંડનો શિકાર કરવામાં આવેલ. આ સમય દરમ્યાન રાજુલા સીટી થી પીપાવાવ તરફ જઇ રહેલ ટ્રેન નંબર ડઝ/ડડજડ/ઘઈઘ-૪૯૨૬/ઊંખના મેસેજ રાજુલા સીટીના રેલ્વેસેવક સમીર સેલડા દ્વારા મહેન્દ્રભાઈ રેલ્વે સેવકને ટેલીફોનીક જાણ કરતા મહેંદ્રભાઈ રેલ્વે સેવક દ્વારા પીપાવાવ જતી ટ્રેનને રોકવામાં આવેલ હતી બાદમાં આઇ.વી.ગોહીલ સુચિત રેસ્ક્યુ ફોરેસ્ટર,એમ.એ.માંગાણી વનરક્ષક રેલ્વેટ્રેક બીટ-૧ તથા સ્થાનીક ટ્રેકર્સ તથા રેલ્વેસેવકો દ્વારા સ્કેનીગની પ્રક્રીયા પુર્ણ કર્યા બાદ તેમજ પાઇલોટને સિંહ સંરક્ષણ વિશેની માહીત આપી હતી. અને ૯ સિંહોને રેલ્વે ટ્રેકથી દુર ખસેડી આબાદ બચાવ કર્યો હતો. જે બાદ ટ્રેનને રવાના કરી હતી. આ કામગીરીમા પાલીતાણા શેત્રુજી ડિવિઝન ડી.સી.એફ. જયંત પટેલના માર્ગદર્શન હેઠળ રાજુલા રેન્જ ફોરેસ્ટ ઓફિસર વાય.એમ.રાઠોડની સુચના મુજબ વનપાલ, સ્થાનિક ટ્રેકર તથા રેલ્વે સેવકો દ્વારા નવ સિંહોનો સુરક્ષિત રીતે ખસેડી જીવ બચાવી સરાહનીય કામગીરી કરવામા આવી છે.

## થાનગઢમાં શ્રી પૂજ્ય જાદરા બાપુના પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી



થાનગઢ, તા. ૩ઃ થાનગઢના રેલવે ફાટક પાસે આવેલ અસ્થળની જગ્યામાં તારીખ ૩ મેં ૨૦૨૪ના રોજ સંત શ્રી પૂજ્ય જાદરા બાપુ ના ચરણ પાદુકા અને ૨૯૬ માં પાટોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી જેમાં બહોળી સંખ્યામાં ભાવિક ભક્તજનો ઊંમટી પડ્યા હતા જાદરા બાપુની તિથી દર વર્ષે ચૈત્ર મહિનાની દશમ ના દિવસે ઉજવવામાં આવે છે પાટોત્સવ ચેતન સમાધિ પૂજન તથા ધ્વજા રોહન ચૈત્ર વદ દસમ ના દિવસે દર વર્ષે યોજવામાં આવ્યા છે આ આયોજનમાં ભાવિક ભક્તજનોએ મોટી સંખ્યામાં ઊંમટી પડચા હતા અને બહોળી સંખ્યામાં પ્રસાદીનો પણ લાભ લીધેલ હતો

# ક્ષત્રિય રાજપૂત સમાજના અગ્રણી સ્વ. બેચરભા પાંચાભા પરમારની પુણ્યતિથિ નિમિત્તે રક્તદાન કેમ્પ યોજાયો

રાજકોટ, તા.૩ઃ ક્ષત્રિય રાજપૂત સમાજ અગ્રણી સમાજ શ્રેષ્ઠી સ્વ. બેચરભા પાંચાભા પરમારની ત્રીજી વાર્ષિક પુણ્યતિથિ નિમિતે મહા રક્તદાન કેમ્પ તથા રામ ધૂન કાર્યક્રમ યોજાયો હતો.જેમાં બહોળા પ્રમાણમાં રક્તદાતાઓ ઉમટ્યા હતા અને રક્તદાન કર્યું હતું. રાજકોટ વોલન્ટરી બ્લડ બેન્ક તથા નાથાણી બ્લડ બેન્ક દ્વારા ૧૬૬ બોટલ બ્લડ કલેક્ટ કરવામાં આવ્યું હતું.



બપોર પછી ૦૪:૦૦ થી ૦૬:૦૦ ના સમયે શ્રી રામ ધૂન સુંદર આયોજન કરાયું હતું જેના મુખ્ય કલાકાર અશોકભાઈ ભાયાણી દ્વારા રામ નામ કે હિરે મોતિ અને વિવિધ ધૂનનુ રસપાન કરાવવામાં આવ્યું હતું.

મહા રક્તદાન કેમનુ દીપ પ્રાગટય શ્રી સ્વામિનારાયણ મંદિર બીએપીએસના કોઠારી સ્વામીના, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ તથા પરમાર પરિવારના વડીલોના હસ્તે કરવામાં આવ્યું હતું તથા સામાજિક અને રાજકીય અને વિવિધ ક્ષેત્રના આગેવાનોમાં ગુજરાત રાજ્યના મંત્રી ભાનુબેન બાબરીયા, રાજકોટ લોકસભાના ઉમેદવાર પરષોત્તમભાઈ રૂપાલા, ધારાસભ્ય રમેશભાઈ ટીલારા, ધારાસભ્ય દર્શીતાબેન શાહ, ભા.જ.પ. મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, મનહરભાઈ બાબરીયા, ઓમ શાંતિના રેખા દીદી, બેડીપરા રાજપૂત સમાજ પ્રમુખ રમેશભાઈ ચૌહાણ, રાજપૂત ક્ષત્રિય સુપ્રીમ કાઉન્સિલના ટ્રસ્ટી ધીરુભા ડોડીયા ઉપસ્થિત રહ્યા હતાં.

# રાજકોટમાં રવિવારે લેવાનારી 'નીટ'ની પરીક્ષા ૭૪૯૨ વિદ્યાર્થીઓ આપશે

રાજકોટ તા.૩ઃ મેડીકલ પ્રવેશ માટે આગામી રવિવારે તા.૫ના રોજ લેવાનારી નીટની પરીક્ષા માટે રાજકોટ કેન્દ્રમાં ૭૪૯૨ વિદ્યાર્થીઓ નોંધાયા છે. શાંતિપૂર્ણ વાતાવરણમાં આ પરીક્ષા લેવાય તે માટે તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.

આ પરીક્ષામાં બપોરના ૨થી ૫-૨૦ કલાક સુધી પેપર લેવામાં આવનાર છે. આ માટે સાત સેન્ટરો પર બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે જેમાં આરકે યુનિ., આરકેસી, ક્રાઈસ્ટ કોલેજ, મારવાડી યુનિવર્સિટી, સર્વોદય સ્કૂલ સહિતના સાત સેન્ટરોનો સમાવેશ થાય છે.

પરીક્ષા સેન્ટરો પર વિદ્યાર્થીઓને એન્ટ્રી સવારના ૧૧ કલાકથી આપી દેવાશે. આ પરીક્ષા માટે વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ માટે ખાસ ડ્રેસકોડ નિયત કરવામાં આવેલ છે.

જેમાં કોઈપણ કલરના અડધી બાયના શર્ટ-ટીશર્ટ તેમજ સાદુ પેન્ટ અને જીન્સનું પેન્ટ સહિતના કપડા પહેરી શકાશે. આ ઉપરાંત સાદા સ્લીપર અને ચંપલ પહેરવા તેમજ વિદ્યાર્થીનીઓને સાદા રબ્બરથી વાળ કવર કરવા જણાવાયું છે. રાજકોટ સેન્ટરમાં આ પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં લેવાય તે માટેની તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. વિદ્યાર્થીઓને કાળા કલર બોલપેન પણ પરીક્ષા સેન્ટર પરથી આપવામાં આવનાર છે.

# મસાલા-વેફર બાદ અથાણાની સીઝનઃ યાર્ડમાં કેરી, ગુંદાની આવક

રાજકોટ, તા.૩ઃ ઉનાળાની શરૂઆત સાથે મસાલા અને વેફરની સીઝન પણ શરુ થઇ જાય છે. આ સમયે લોકો બારેમાસનો મસાલો અને ઘઉંની ખરીદી કરે છે ત્યારબાદ વેફર બનાવે છે જેના માટે બહોળા પ્રમાણમાં બટેટાની ખરીદી થાય છે અને હવે અથાણાની સીઝન શરુ થઇ છે. યાર્ડમાં કાચી કેરીની આવક ચાલુ થઇ ચૂકી છે. હજુ શરૂઆતી દિવસો હોવાથી ખરીદી મંદગતિએ થઇ રહી છે. પરંતુ આગામી દિવસોમાં બહોળા પ્રમાણમાં ખરીદી શરૂ થશે.

હાલ યાર્ડમાં વલસાડથી કેરીની આવક થઇ રહી છે. યાર્ડમાં કેરીના નાના ફળની આવક થઇ છે. આગામી ૧૫ દિવસ બાદ મોટા ફળ પુષ્કળ પ્રમાણમાં આવશે. આ ઉપરાંત કેરી સાથે ગુંદા, ગરમરની આવક થઇ રહી છે. કેરીની સીઝન શરુ થતાં જ લોકો વિવિધ પ્રકારના અથાણા બનાવવાનું શરૂ કરી દે છે. જેમાં પહેલા નંબરે રાજાપુરી, તોતા, બદામી અને દેશી કેરીની ખરીદી થાય છે. રાજાપુરી સૌથી મોંઘી હોય છે. દેશી કેરીનો ભાવ સૌથી ઓછો ૨૦ થી ૩૦ રૂ. કિલો, બદામી રૂ.૪૦ થી ૫૦ અને તોતા રૂ.૩૫ થી ૪૦ની કિલો હોલસેલ ભાવે છે. ગુજરાતમાં અથાણા પીરસવાની પરંપરા છે સાથે દરેકના ઘરમાં અચુક અથાણા તૈયાર કરાય છે. ચટાકેદાર અથાણુ તૈયાર કરવા કાચી કેરી, ગુંદા, ગરમરનો ઉપયોગ કરાય છે. જેમાં અચાર, ગોળ કેરી, મુરબ્બો જેવા અથાણા તૈયાર કરવામાં

# સફાઈમાં ડાંડાઈ કરતા બે કામદાર સસ્પેન્ડ : વધુ ૧૦૦ નાગરિકોને પણ ૨૩ હજારનો દંડ

**(સામના મિરર, સંવાદદાતા)**

રાજકોટ, તા. ૩ઃ મનપા દ્વારા એક તરફ સ્વચ્છતા સર્વેક્ષણથી માંડી જાહેરમાં ગંદકી કરતા નાગરિકોને દંડવાની કાર્યવાહી ચાલી રહી છે ત્યારે જે તે વિસ્તારમાં ગેરહાજર રહેતા સફાઈ કામદારોની કામગીરી ઉપર પણ નજર રાખવામાં આવી રહી છે. તેમાં વોર્ડ નં.૧૩માં એક મહિલા અને એક પુરૂષ કામદાર ફરજના સ્થળે ગેરહાજર હોય અને કામ કરતા ન હોય બંનેને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

મહાનગરપાલિકા દ્વારા અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ મારફત સફાઈનું ચેકિંગ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ના. કમિશનર, ના. પર્યાવરણ ઈજનેર, વોર્ડના એસઆઇ અને એસએસઆઇ દ્વારા સવારે ૯.૪૫ કલાકે સેન્ટ્રલ ઝોન ખાતે વોર્ડ નંબર ૧૩ના વિસ્તારમાં સફાઈનું ચેકિંગ કરાયું હતું જેમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા ભરત ચંદુભાઈ ચૌહાણ તેમજ લાભુબેન વિનુભાઈ બાબરીયા તેઓને સોપેલ કામગીરીના સ્થળે હાજર ન હોય અને તેમને સોપેલ વિસ્તારમાં સફાઈની કામગીરી કરેલ ન હોય આ કામગીરીમાં બેદરકારી દાખવવા બદલ તેઓને ફરજ પરથી સસ્પેન્ડ કરવાનો હુકમ પર્યાવરણ ઈજનેરે કરતા કામદારોમાં ફફડાટ ફેલાયો છે.

શહેરના ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ત્રણેય ઝોનમાંથી કુલ ૧૦૦ આસામીઓ પાસેથી ૪.૫૨ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૩૮૫૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનમાં વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૦ આસામીઓ પાસેથી ૧.૫૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૮૨૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ૩૫ આસામીઓ પાસેથી ૨.૧૨ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૮૮૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

# રાજકોટમાં ગોલામાં માવાની વાસી રબડીની મિલાવટ : એકસપાયરી ડેટની સરબતની બોટલોનો જથ્થો પકડાયો

## ઉનાળામાં ધુમ વેચાતા ગોલાની દુકાનો અને લારીઓમાં મોટી ચેકીંગ ડ્રાઇવની જરૂ : કોઠારીયા રોડની દુકાનમાંથી અખાદ્ય નુડલ્સ પણ પકડાયા : રાઈ અને જીરૂના સેમ્પલ લેતું ફૂડ વિભાગ

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા. ૩ઃ મહાપાલિકાની આરોગ્ય અને ફૂડ વિભાગની ટીમ દ્વારા કોઠારીયા રોડ પર ખાણીપીણીનો ધંધો કરતા દુકાનદારોને ત્યાં આરોગ્યલક્ષી ચકાસણી કરવામાં આવી હતી જેમાં એક જગ્યાએથી ગોલામાં ઉપયોગમાં લેવાતી માવાની વાસી રબડી અને બીજી દુકાનમાંથી પડતર સરબતની ૧૦ બોટલ મળી આવતા તેનો નાશ કરાયો હતો. તો અખાદ્ય નુડલ્સ પણ મળી આવતા તે ફેંકી દેવામાં આવ્યા હતા.

કાળઝાળ ગરમીમાં મોટા પ્રમાણમાં બરફ અને બરફની બનાવટનો ઉપયોગ તથા વેચાણ થઈ રહ્યા છે ત્યારે ફૂડ વિભાગે આ સિઝનમાં જાહેર આરોગ્યના હિતમાં મોટી ચેકીંગ ડ્રાઈવ કરવાની જરૂ હોવાનો મત લાગી રહ્યો છે.ફૂડ વિભાગે આજે આ કામગીરીની જાહેર કરેલી વિગત અનુસાર મહાનગરપાલિકા ફૂડ વિભાગની ટીમ તથા સેફટી વાન સાથે શહેરના કોઠારીયા રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૧૦ ધંધાર્થિઓને ત્યાં ચકાસણી હાથ ધરવામાં આવેલ હતી.

જેમાં ચાર ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપી ખાદ્ય ચીજોના કુલ ૧૦ નમૂનાની સ્થળ પર ચકાસણી કરાઈ હતી. આ ઉપરાંત કુલ ૧૦ કિલો વાસી



અખાદ્ય ચીજોનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો.

જે જગ્યાએ માલનો નાશ કરવામાં આવ્યો તેમાં (૧) રાજવી ગોલામાં પડતર રહેલ માવાની રબડી બે કિલો નાશ કરી લાઈસન્સ મેળવવા બાબતે નોટિસ (૨) ફલેવર્સ સોડા શોપમાંથી એક્સપાયરી ડેટ વીતેલ સરબતની બોટલ (૭૫૦ એમએલ) ૧૦ નંગ મળી આવતા તેનો પણ નાશ કરી નોટીસ અપાઈ હતી. ઉપરાંત (૩) ઘનશ્યામ ચાઈનીઝ પંજાબીમાંથી વાસી અખાદ્ય નુડલ્સ એક કિલો મળી આવતા આ ધંધાર્થીને તથા (૪) ઘનશ્યામ ગોલાને પણ લાઈસન્સ મેળવવા નોટીસ અપાઈ હતી. આ રોડ પર આ સિવાય (૫)પટેલ કેન્ડી (૬)મોંજિનિસ કેક શોપ (૭)બી-૨ ચાઈનીઝ પંજાબી (૮)ખોડલ પાણીપુરી (૯)પિતૃ કૃપા મસાલા ભંડાર (૧૦)લાલા રઘુવંશી સિઝન સ્ટોરમાં પણ ચકાસણી કરવામાં આવી હતી.

ફૂડ વિભાગની ટીમ દ્વારા કોઠારીયા રોડ પર કેદારનાથ સોસાયટીના ગેટ પાસે આવેલ પિતૃ કૃપા મસાલા ભંડાર (મંડપ)માંથી લુઝ રાઈ અને કોઠારીયા રોડ પર ન્યારા પેટ્રોલ પંપ પાસે આવેલ લાલા રઘુવંશી સિઝન સ્ટોર (મંડપ)માંથી લુઝ જીરૂના નમુના લઈને લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

## પત્રિકાકાંડમાં નિર્દોષને ફીટ કરાયાઃ કોંગ્રેસની રજુઆત



લેઉવા તથા કડવા પાટીદારો વચ્ચે વૈમનસ્ય ઉભું થાય તેવી પત્રિકા ફરતી થવાની ઘટનામાં ભાજપની ફરિયાદ બાદ પોલીસે તાબડતોડ કોંગ્રેસના ચાર કાર્યકરોની ધરપકડ કરી હતી તેને પગલે કોંગ્રેસ આગેવાનો પોલીસ કમિશ્નર સમક્ષ ધસી ગયા હતા. ભાજપના ઈશારે અને કોઈ પુરાવા વિના નિર્દોષ કાર્યકરોની ધરપકડ કરવામાં આવી હોવાની રજુઆત કરી હતી. કોંગ્રેસ અગ્રણી મહેશ રાજપુતે વાતચીતમાં કહ્યું કે પોલીસ કમિશ્નરે રજુઆત સાંભળી હતી અને યોગ્ય કરવાની બાહેંધરી આપી હતી.

## ઢેબર ચોકમાં કોંગ્રેસની જાહેરસભાઃ ક્ષત્રિય આગેવાનો દ્વારા શક્તિસિંહ ગોહિલનું સન્માન



લોકસભા ચૂંટણીના કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીના સમર્થનમાં કોંગ્રેસ દ્વારા આજે ઢેબરચોકમાં જાહેરસભા રાખવામાં આવી હતી. મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા. રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેનો રાજકોટનો કાર્યક્રમ રદ થયો હોવાથી તેઓ ઉપસ્થિત ન હતા પરંતુ પ્રભારી મુકુલ વાસ્નિક, પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, જગદીશ ઠાકોર સહિતના આગેવાનો હાજર હતા ને સંબોધનમાં ભાજપ પર આકરા પ્રહારો કરવામાં આવ્યા હતા. રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં ક્ષત્રિય સમાજ ભાજપની વિરૂદ્ધમાં છે અને ભાજપ વિરૂદ્ધ મતદાન કરવાનું જાહેર કર્યું છે. ત્યારે આજે ક્ષત્રિય આગેવાનો દ્વારા શક્તિસિંહ ગોહિલનું ખાસ સન્માન કરવામાં આવ્યું હતું અને 'હાથ' ઉંચા કરીને સમર્થન જાહેર કરાયું હતું.

# મતદાન આડે હવે ત્રણ દિવસઃ રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી તૈયારીઓને આખરી ઓપ

## મંગળવારે ૨૨૩૬ બુથો પર મતદાનઃ રવિવારે સાંજના છ વાગ્યાથી પ્રચાર પડઘમ શાંતઃ કેન્દ્રીય ચુંટણીપંચ દ્વારા સવારના રાજકોટ સહિત રાજયભરના તમામ જીલ્લા ચૂંટણી અધિકારીઓ સાથે વીડીયો કોન્ફરન્સઃ

■ **ચૂંટણી તૈયારીઓના અંતિમ રિવ્યુ લેવાયાઃ સાંજે રાજય ચૂંટણીપંચની પણ કોન્ફરન્સ**

રાજકોટ તા.૩ઃ રાજકોટ સહિત રાજયભરની લોકસભાની ૨૬ (એક બીનહરીફ) તેમજ વિધાનસભાની પાંચ બેઠકોની આગામી તા.૭ને મંગળવારે આયોજીત પેટા ચૂંટણીના આડે હવે માત્ર ત્રણ દિવસ જ બાકી રહ્યા છે ત્યારે રાજકીય પક્ષોના ઉમેદવારોએ મતદારોને રીઝવવા માટે એડીચોટીનું જોર લગાવી દીધું છે.

તેની સાથોસાથ આ ચૂંટણી સુચારૂ રૂપથી યોજાય તે માટે ચૂંટણીપંચ દ્વારા કોઈપણ કસર છોડવામાં આવી નથી. જેમાં રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી માટે કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ આખરીઓપ આપી દેવામાં આવેલ છે. રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીમાં તમામ ઈવીએમ મશીનો તૈયાર કરી દેવામાં આવેલ હોય આગામી તા.૬ના ડીસ્પેચીંગ સેન્ટરોમાંથી નીકળી મતદાન મથકો પર પહોંચી જશે.

તા.૭ને મંગળવારના સવારના ૭ વાગ્યાથી રાજકોટ લોકસભા બેઠકના ૨૨૩૬ મતદાન મથકો પર મતદાન શરૂ થઈ જશે. તે પૂર્વે તા.પને રવિવારના સાંજના છ વાગ્યાથી પ્રચાર પડઘમ શાંત પડી જશે. કેન્દ્રીય ચૂંટણીપંચ દ્વારા આજે ઉઘડતી કચેરીએ રાજકોટ સહિત રાજયભરના તમામ લોકસભા બેઠકોના જીલ્લા ચૂંટણી અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ આયોજીત કરી ચૂંટણી તૈયારીઓના અંતિમ રીવ્યુ લેવામાં આવેલ હતા.

આ વિડીયો કોન્ફરન્સમાં રાજકોટથી જીલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી પ્રભવ જોશી, અધિક કલેકટર ચૂંટણી મુછાર સહિતના અધિકારીઓ જોડાયા હતા. જયારે સાંજના રાજય ચૂંટણીપંચની રાજય ચૂંટણીપંચ દ્વારા જીલ્લા ચૂંટણી અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ યોજવામાં તા.પને રવિવારના સાંજના છ વાગ્યાથી પ્રચાર પડઘમ શાંત થતા ઉમેદવારોના સભા-સરઘસ અને રેલી પર પ્રતિબંધ આવી જશે. જે બાદ ઉમેદવારો માત્ર ડોર ટુ ડોર પ્રચાર કરી શકશે. મતદાનના ૪૮ કલાક પહેલા ૧૨થી આવેલા રાજકીય કાર્યકરો બહારના મત વિસ્તારમાં રહી શકશે નહીં. મતદાન પૂર્ણ થવાના ૪૮ કલાક પહેલા ચૂંટણી પ્રચાર બંધ કરવાનો રહે છે.

રાજકોટ લોકસભા બેઠક વિસ્તારમાં ચૂંટાયેલા સાંસદ, ધારાસભ્ય મતદાન પુરૂ થતા સમયગાળા પહેલા ૪૮ કલાકના સમયગાળામાં પોતે જયાં ચૂંટાયા હોય તે સંબંધીત મત વિસ્તારમાં તેઓ જેતે મત વિભાગના મતદાર હોય કે ન હોય તો પણ ચૂંટણી પ્રચારમાં સામેલ ન થવાની શરતે જ અન્ય વિસ્તારોમાં રોકાઈ શકશે. પ્રચાર પડઘમ શાંત થયા બાદ ઉમેદવારો ડોર ટુ ડોર પ્રચાર વખતે એક સાથે વધુમાં વધુ પાંચ વ્યકિત સાથે રાખી શકશે. ડોર ટુ ડોર પ્રચાર વખતે કાર્યકરો, નેતાઓ જેના ઘર પર પક્ષનું પ્રતિક હોય તેવી ટોપી મફલર પહેરી શકશે પરંતુ બેનર પ્રદર્શિત કરી શકશે નહીં. આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ ૧૨૮ હેઠળ શિક્ષાત્મક પોલીસ કાર્યવાહીને પાત્ર ઠરે છે.

# ખાદ્ય તેલો મોંઘા થશે ! જુના ડબ્બામાં વેંચાણ બંધ કરાવવા ફૂડ વિભાગનો આદેશ

■ **રાજયના ફડ કમિશ્નર દ્વારા કોર્પોરેશન સહિત તમામ શહેર-જિલ્લાના વિભાગોને પરિપત્ર : તેલ મીલો વેપારીઓ પર ચેકીંગ કરવાની સૂચના**

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા. ૩ઃ ખાદ્ય તેલમાં વખતોવખત સર્જાતી તેજી-મંદીથી ઉદભવતા ઉહાપોહ વચ્ચે તેલ મિલરો-વેપારીઓ માટે હવે નવો પડકાર સર્જાવાના એંધાણ છે. ખાદ્ય તેલોનું જુના ડબ્બામાં વેંચાણ બંધ કરાવવા અને કડક ચેકીંગ હાથ ધરવાનો પરિપત્ર ફૂડ એન્ડ ડ્રગ્સ કમિશ્નર દ્વાર જારી કરવામાં આવ્યો છે. આ નિયમનો કડક અમલથી ખાદ્ય તેલો મોંઘા બનવાની ભીતિ છે ઉપરાંત ખાલી ડબ્બાની પણ



અછત ઉભી થઇ શકે તેવી આશંકા વ્યકત કરવામાં આવી રહી છે.

રાજયના ફૂડ એન્ડ ડ્રગ્સ કમિશ્નરની કચેરી દ્વારા ૩૦મી એપ્રિલે મ્યુનિ. કોર્પોરેશન સહિત તમામ શહેર જિલ્લાના ફૂડ વિભાગના અધિકારીઓને એક પરિપત્ર પાઠવવામાં આવ્યો છે. તેમાં એમ દર્શાવવામાં આવ્યું છે કે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ (પેકેજીંગ) રેગ્યુલેશન-૨૦૧૮ હેઠળ સબરેગ્યુલેશન ૨.૧.૨.ની જોગવાઇ (૨) મુજબ ખાદ્ય તેલ સહિત ખાદ્ય પદાર્થના જુના ટીનનો ઉપયોગ પ્રતિબંધિત છે.

આ સિવાય ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી દ્વારા તા. ૨૬-૯-૨૦૧૭ના રોજ જાહેર કરવામાં આવેલી એડવાઈઝરી હેઠળ કલમ ૧૬(૫) મુજબ જુના ટીનનો ઉપયોગ પ્રતિબંધીત છે. ઉત્પાદકો દ્વારા અવારનવાર જુના ટીનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે ત્યારે પોતપોતાના વિસ્તારમાં ઉત્પાદન કરતી પેઢીઓમાં તપાસ કરીને કાયદેસરની કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવે છે. રાજયના ફૂડ વિભાગના આ પરિપત્રથી ખાદ્ય તેલ ઉદ્યોગમાં જબરો ઉહાપોહ શરૂ થયો છે. તેલ બજારના સુત્રોએ જણાવ્યું છે કે અનેક તેલ મીલોએ જુના ડબ્બામાં હવેથી પેકીંગ બંધ કરવાનો નિર્ણય લીધો છે અને આ વિશે વેપારીઓને સંદેશા આપવાનું પણ શરૂ કરી દીધું છે. તેલ બજારના ધારાધોરણ મુજબ વેપારી ખરીદી કરે પછી કેટલાક દિવસો સુધી માલ મીલોમાં રાખતા હોય છે અને જરૂર મુજબ ઉપાડતા હોય છે.

# બી.એચ.ગાર્ડી કોલેજની બસ અને બાલાજી વેફર્સના ટ્રક વચ્ચે અકસ્માત : ચાલકને ઈજા

- **બસમાં ૪૨ વિદ્યાર્થીઓ સવાર હતા, મોટી જાનહાની સ્હેજમાં ટળી : ચાલક સારવાર હેઠળ**

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ તા.૩ઃ શહેરમાં ગઈકાલે બપોરે કટારીયા ચોકડી પાસે બી.એચ.ગાર્ડી કોલેજની બસ અને બાલાજી વેફર્સના ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બસ ચાલકને ઈજા પહોંચતા તાકિદે સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યારે બસમાં સવાર વિદ્યાર્થીને કોઈ જાનહાની ન થતાં રાહતનો શ્વાસ લીધો હતો.

બનાવની વિગત અનુસાર બી.એચ.ગાર્ડી વિદ્યાપીઠમાં ડ્રાઈવિંગ કરતાં દિનેશભાઈ રાયધનભાઈ રાઠોડ (ઉ.વ.૪૯ રહે- વડવાજડી ગામ તા. લોધીકા) ગઈકાલે બપોરના આશરે સાડા ત્રણેક વાગ્યાની આસપાસ તેઓ ગાર્ડી વિદ્યાપીઠની બસ લઈને કેકેવી હોલ તરફ જતાં હતાં. ત્યારે કટારીયા ચોકડી પર બાલાજી વેફર્સના ટ્રક સાથે અકસ્માત સર્જાયો હતો.

જે અકસ્માતમાં બસના ડ્રાઈવરને ઈજા પહોંચતા તેને તુરંત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે બસમાં ૪૨ વિદ્યાર્થીઓ પણ બેઠા હતા. જેને કોઈ જાનહાનિ થઈ ન હતી. દિનેશભાઈ ચાર ભાઈ અને એક બહેનમાં ત્રીજા નંબરના છે.

તેઓને સંતાનમાં એક પુત્ર- પુત્રી હોવાનું તેઓનાં પરિવારજનોએ જણાવ્યું હતું. હાલ તેઓ સારવાર હેઠળ છે. બનાવથી બસમાં મોટું નુકસાન થયું છે.

# રાજકોટ જિલ્લાની ૫ સહિત રાજયની ૨૧૦ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં સોમવારથી ત્રણ દિ'ની રજા જાહેર

- **જામકંડોરણા, પડધરી, જેતપુર, વિછીંયા, અને જસદણની કચેરીનો સમાવેશઃ દસ્તાવેજ નોંધણીના ટોકન કેન્સલઃ સ્ટાફ ચૂંટણી ફરજમાં**

રાજકોટ, તા.૩ઃ લોકસભાની ચૂંટણીમાં સબરજિસ્ટ્રાર કચેરીઓના કર્મચારીઓને ફરજ સોંપાતા રાજકોટ જિલ્લાની પાંચ સહિત રાજય ૨૧૦ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં રજા જાહેર કરવામાં આવી છે.આ અંગે રાજયના નોંધણીસર નિરીક્ષકની કચેરી દ્વારા પરિપત્ર ઈશ્યુ કરી દેવામાં આવેલ છે.

રાજયની ૨૧૦ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં રજા જાહેર કરવામાં આવી છે. જેમાં રાજકોટ જિલ્લાની જામકંડોરણા, પડધરી, જેતપુર, વિછીંયા અને જસદણની સબ રજિસ્ટ્રાર કચેરી ઓનો સમાવેશ થાય છે. આ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં મિલ્કત દસ્તાવેજોની નોંધણી માટે તા.૬ સુધીના જેઓએ ટોકન લીધા છે. તે ટોકન કેન્સલ કરવામાં આવેલ છે.લોકસભાની ચૂંટણીની કામગીરીમાં કર્મચારીઓને મતદાન પુર્વે તા.૬ના મતદાને મથકો પર પહોંચવાનું હોય છે. તા.૭ના મતદાન પૂર્ણ થયા બાદ બીજા દિવસે ચૂંટણી સ્ટાફને રજા છે. જેથી તા.૬ થી ૮ સુધી રાજયની ૨૧૦ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં રજા જાહેર કરવામાં આવીને જેના પગલે આ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં જેઓએ દસ્તાવેજ નોંધણીના ટોકન લીધા છે. તે કેન્દ્રીય કરવામાં આવેલ છે.

# સિવિલમાં આભા કાર્ડ પર રોજ ૧૫૦ નોંધ : આંકડો વધારવા સૂચના

રાજકોટ, તા.૩ઃ ગઈકાલે રાજકોટ સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ ડો.આર.એસ .ત્રિવેદીએ હોસ્પિટલમાં સરપ્રાઈઝ વિઝીટ લેતા સ્ટાફમાં દોડધામ મચી ગઈ હતી.

આ અંગે મળતી વિગત મુજબ, સિવિલ હોસ્પિટલમાં ઘણા પ્રશ્ને દર્દીઓની ફરિયાદો મળતી હોય છે. જેના નિવારણ માટે સુપ્રિન્ટેન્ડન્ટ દ્વારા નિયમિત રીતે સરપ્રાઈઝ વિઝીટ કરવામાં આવતી હોય છે.

જેને લઈ ગઈકાલે ડો.ત્રિવેદીએ ચેકીંગ કરતા કેસ બારી દવા બારી પર લાઈનો જોઈ હતી. જેથી સિનિયર સિટીઝન અને મહિલાઓ તેની લાઈનમાં જ રહે અને તેમાં અન્ય કોઈ દર્દી ન આવે તે તકેદારી રાખવા સૂચના કરાઈ હતી.

એક કેસ બારી બંધ હોવાથી તેના નોડલ ઓફિસરને બોલાવી પૂછતાં ઝનાના હોસ્પિટલ શરૂ થઈ હોવાથી બારી બંધ કર્યાનો બચાવ કર્યો હતો. જોકે ડો.ત્રિવેદીએ દર્દીઓને સુવિધા મળે તે માટે તુરંત આ બારી ખોલી નાખવા સૂચના આપી હતી. આ ઉપરાંત આભા કાર્ડ પર રોજ ૧૫૦ એન્ટ્રી હાલ થતી હોવાની માહિતી મેળવી, આ એન્ટ્રીની સંખ્યા વધારવા સૂચના આપી હતી.

# ટ્રાફિક પણ હાર્ટએટેકનું કારણ બની શકે

- **ટ્રાફિકનો અવાજ સ્ટ્રોક અને ડાયાબિટીસનું જોખમ વધારે**

(સામના મિરર, સંવાદદાતા)

દિલ્હી, તા.૩ઃ તાજેતરમાં થયેલ રિસર્ચ મુજબ જાણવા મળ્યુ કે ટ્રાફિકના વધતા અવાજના કારણે હૃદય સંબંધિત બીમારીઓનું જોખમ વધી શકે છે.જેમાં હૃદયરોગના હુમલાનો સમાવેશ થાય છે. ટ્રાફિકના અવાજના કારણે માત્ર કાર્ડિયોવસ્ક્યુલર ડિઝિઝ જ નહી પરંતુ સ્ટ્રોક અને ડાયાબિટીસનું જોખમ પણ વધી શકે છે.

નેશનલ ઈન્સ્ટિટયુસ ઓફ હેલ્થ રિસર્ચ અનુસાર રોડ પરથતા અવાજમાં પ્રતિ ૧૦ ડિસેબલ અવાજમાં પ્રતિ ૧૦ ડિસેમ્બલની વૃદ્ધિની સાથે હૃદય રોગનું જોખમ ૩.૨ ટકા સુધી વધી જાય છે.

રાત્રે થતા ટ્રાફિકમાં થતો અવાજ ઉંઘ બગાડે છે ઉપરાંત રક્તવાહિનીમાં તણાવ પેદા કરી હોર્મોનનું સ્તર વધારે છે.

જેના કારણે સોજા અને ધમનીઓની બીમારીઓનું જોખમ વધી શકે છે. ગીચ વસ્તી વાળા વિસ્તારોના રસ્તા કિનારે નોઈઝ બેરિયર લગાવવાથી અવાજને માત્ર ૧૦ ડિસેમ્બર સુધી ઘટાડી શકાય છે. ઉપરાંત સડક નિર્માણમાં ઓછા અવાજ પેદા કરતા ગમરનો ઉપયોગ કરવાથી અવાજને ૩-૬ ડિસેમ્બર સુધી ઘટાડી શકાય.

# સવારે દારૂનો જથ્થો ઉતાર્યાની કલાકોમાં જ પોલીસ ત્રાટકી :
# વામ્બે આવાસ કવાર્ટરમાંથી ઈરફાન ૯૧૭ બોટલ સાથે ઝડપાયો

- **એલસીબી ઝોન-૨ની ટીમે વહેલી સવારે દરોડો પાડી રૂા.૧.૭૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો**

રાજકોટ, તા. ૩ઃ કાલાવડ રોડ પર આવેલ વામ્બે આવાસ કવાર્ટરમાં રહેતા બુટલેગર ઈરફાન સૈયદે વહેલી સવારે ઉતારેલા દારૂ અને બીયરના જથ્થા પર એલસીબી ઝોન-૨ની ટીમે દરોડો પાડી ઈરફાનને દબોચી ૯૧૭ બોટલ દારૂ અને બીયરનો જથ્થો મળી કુલ રૂા. ૧.૭૧ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. જયારે સપ્લાય કરનાર ગાયકવાડીના તોફીક ઉર્ફે તોફલોની શોધખોળ હાથ ધરી હતી. દરોડાની વિગત મુજબ એલસીબી ઝોન-૨ પીએસઆઇ આર.એચ.ઝાલા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ હરપાલસિંહ જાડેજા,




કોન્સ્ટેબલ જયંતિગીરી ગોસ્વામીને કાલાવડ રોડ પર આવેલ વામ્બે આવાસ યોજના કવાર્ટરમાં રહેતા ઇરફાન અલીમીયા સૈયદે દારૂનો મોટો જથ્થો વહેલી સવારે ઉતાર્યાની મળેલી ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી કવાર્ટરમાં તપાસ કરતા દારૂની અલગ અલગ બ્રાન્ડની ૯૧૭ બોટલ અને બીયરના ૪૬ ટીન મળી આવતા ઈરફાન સૈયદની ધરપકડ કરી રૂા.૧.૭૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

વધુમાં પોલીસ સુત્રોએ જણાવ્યા અનુસાર ઈરફાન સૈયદને આજે સવારે જ લીસ્ટેડ બુટલેગર તોફીક ઉર્ફે તોફલો મહમ્મદ સંધાર (રહે. ગાયકવાડી શેરીનં.૩, જંકશન પ્લોટ) સપ્લાય કરી ગયો હોવાનું ખુલતા તોફીક ઉર્ફે તોફલાની શોધખોળ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે ઈરફાન સૈયદ પર દારૂ, મારામારી સહિતના પાંચથી વધુ ગુના અલગ અલગ પોલીસ મથકમાં નોંધાયેલ છે. જયારે તોફીક ઉર્ફે તોફલો પર જામનગર સહિતના શહેરોમાં દારૂ સહિતના પાંચથી વધુ ગુના નોંધાયા છે.

# વોટસએપ પર ફરિયાદ કરનારા વેપારીઓ પાસે વ્યવસાય વેરાની ડિજિટલ ઉઘરાણી : ધડાધડ મેસેજ

- **ટોલ ફ્રી નંબરના ઉપયોગમાં પણ બાકી ટેકસના સંદેશા મોકલતું કોર્પોરેશન : દોઢ લાખ વ્યવસાયિકો રડારમાં**
- **અસુવિધાની ફરિયાદ નોંધવા સાથે સર્વરમાંથી પ્રોફે. ટેકસની સ્મૃતિ રવાના**

રાજકોટ, તા. ૩ઃ મ્યુનિ. કમિશ્નર આનંદ પટેલ દ્વારા મિલ્કત વેરાની વિક્રમી વસુલાત કરવામાં આવ્યા બાદ પ્રોફેશ્નલ ટેકસની આવક ઉપર પણ પુરતું ધ્યાન આપવામાં આવી રહ્યું છે. ચાલુ વર્ષના ૪૦ કરોડના વેરાના લક્ષ્યાંક નજીક સમયસર પહોંચવા જુદા જુદા ડિજીટલ રસ્તે પણ પ્રોફેશ્નલ ટેકસની ઉઘરાણી શરૂ કરી દીધી છે. જેમાં કોઇ પણ વેપારી જાહેર સુવિધા અંગે વોટસએપ પર ફરિયાદ કરે તો તેના નંબર ઉપરાંત કેટલો વ્યવસાય વેરો ભરવાનો બાકી છે તેનો તાબડતોબ મેસેજ આવવા લાગ્યો છે.

મનપાની સૌથી સફળ સેવા કોલ સેન્ટરની છે જયાં નાગરિક ફરિયાદ નોંધાવે એટલે ઓટીપી સુવિધા સાથે ફરિયાદના નિકાલ કરવામાં આવે છે. આ સિવાય ડિજિટલ યુગમાં વોટસએપ પર ફરિયાદ અને




સેવાઓ તથા ટોલ ફ્રી નંબર ઉપર પણ ફરિયાદ નોંધવાની સગવડતા આપવામાં આવી છે. વોટસએપ સેવાનો લોકો મોટી સંખ્યામાં ઉપયોગ કરતા હોય છે. હવે આ સેવાના ઉપયોગ સાથે દોઢ લાખ જેટલા વ્યવસાયિકો અને કારખાનેદારોના બાકી પ્રોફે. ટેકસની વિગત કનેકટ કરી દેવામાં આવી છે. છેલ્લા થોડા દિવસથી કોઇ ધંધાર્થી વોટસએપ પર કોઇ પણ જાહેર સેવા કે સુવિધા અંગેની ફરિયાદ નોંધાવે તો તેને રાબેતા મુજબ ફરિયાદનું સ્ટેટસ અને નંબર તો મળી જ જાય છે.

આ ઉપરાંત મોબાઇલ નંબરના આધારે તેમની પેઢીનો બાકી વ્યવસાય વેરો શોધીને વોટસએપ પર આ બાકી રકમની વિગત તુરંત પહોંચાડી દેવામાં આવે છે. એક રીતે કોર્પો.ની સેવાના ઉપયોગ સાથે વ્યવસાય વેરાની ઉઘરાણી પણ મનપા કરી લે છે. મિલ્કત વેરા માટે તો મેસેજ પર ઉઘરાણીના મેસેજ અને પહોંચ ડાઉનલોડ કરવાની સુવિધા છે. આ ઉપરાંત હવે પ્રોફેશનલ ટેકસમાં પણ ડીજીટલ ઉઘરાણી શરૂ થઇ ગઇ છે. થોડા દિવસ પહેલા કમિશ્નરે કોર્પો.ની તમામ સુવિધા અને મંજૂરીઓ માટે વ્યવસાય વેરો ભરવો ફરજીયાત કરી દીધો છે તે ઉલ્લેખનીય છે.

મહાનગરપાલિકાની વિવિધ કામગીરી અંતર્ગત વ્યવસાયવેરા નોંધણી ચકાસવા કમિશનરે તાજેતરમાં જાહેર કરેલા પરિપત્રમાં જણાવ્યું હતું કે, કોર્પો. દ્વારા રાજય સરકાર વતી વ્યવસાયિકો પાસેથી ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઇઓ હેઠળ વ્યવસાય વેરો વસૂલવામાં આવે છે.

શહેરમાં વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર અધિનિયમ મુજબ એકમો, વ્યક્તિ, પેઢીઓ, સંસ્થાઓ વગેરેને વ્યવસાય વેરા માટે નોંધણી કરવાની રહે છે જે અંતર્ગત સ્વતંત્ર વ્યવસાયિકો બિલ્ડર, શેરબ્રોકર, આર્કીટેકટ, કન્સલ્ટીંગ એન્જીનીયર્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, તબીબો, નોટરી, સ્ટેમ્પ વેન્ડર, વકીલ, વિમા એજન્ટો વગેરેએ પણ અધિનિયમની જોગવાઇઓ હેઠળ વ્યવસાય વેરો ભરવાનો થાય છે.

મનપાના વિવિધ વિભાગોની કામગીરીનો વ્યાપ વધવા પામેલ છે. વિભાગો દ્વારા આઉટ સોર્સિંગ એજન્સી મારફત કામગીરી કરાવવામાં આવે છે. તેમજ કોર્પો.ની જરૂરિયાત મુજબ વખતો વખતો જરૂર પ્રમાણે રેઈટ કોન્ટ્રાકટથી વસ્તુ, સેવાઓ પૂરી પાડવા એજન્સીઓ પણ નીમેલ છે. મનપાની શાખાઓ દ્વારા અરજી મુજબ પરવાનો, મંજુરી, લાઇસન્સ પણ આપવામાં આવે છે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

## રાજકોટમાં લોકસભા ચૂંટણીનો અંતિમ પડાવ ચરમસીમાએ

# ‘જાગો લેઉવા પટેલો જાગો’ પત્રિકા વાયરલ કરનાર ચાર કોંગ્રેસીઓની ધરપકડ

■ **લેઉવા પટેલ અને કડવા પટેલ સમાજ વચ્ચે મતભેદ અને વૈમન્યસ્ય ઉભું થાય તેવી પત્રિકા જાહેરમાં વેંચી સોશ્યલ મીડિયામાં વાયરલ કરવામાં આવી હતી**

રાજકોટ. તા.૩ઃ રાજકોટમાં લોકસભા ચૂંટણીનો પ્રચાર પ્રસાર અંતિમ પડાવમાં પહોંચ્યો છે ત્યારે રાજકોટ સહિત સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં વસતા લેઉવા પટેલ અને કડવા પટેલ સમાજ વચ્ચે મતભેદ અને વૈમન્યસ્ય ઉભું કરવાં પત્રીકા જાહેરમાં વેંચી સોશીયલ મીડિયામાં વાયરલ કરનાર ચાર કોંગ્રેસી કાર્યકર સામે તાલુકા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાયા બાદ મોડી રાત્રે ક્રાઇમ ડીસીપી ડો. પાર્થરાજસિંહ ગોહિલ અને ક્રાઇમ બ્રાન્ચના પીઆઇ એમ.આર.ગોંડલીયા સહિતનો પોલીસ કાફલો દોડી ગયો હતો અને ચારેય કોંગ્રેસી કાર્યકરની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી. બનાવ અંગે રાજકોટમાં મવડીમાં ગાયત્રીપાર્કમાં સંસ્કાર સીટીની પાસે રહેતાં મહેશભાઇ રવજીભાઇ પીપરીયા (ઉ.વ.૪૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે કેતન તાળા, પ્રકાશ વેજપરા, વિપુલ તારપરા, દિપ ભંડેરી તેમજ પત્રિકા તૈયાર કરનાર અજાણ્યાં શખ્સોના નામ આપતાં તાલુકા પોલીસે આઇપીસી ૧૫૩(એ), ૧૮૮,૧૧૪ અને લોક પ્રતિનિધિતૃ ધારાની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. બાદમાં મોડીરાતે ક્રાઇમ બ્રાન્ચની ટીમે તમામ કોંગ્રેસી કાર્યકરોની અટકાયત કરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ હડમતાળામાં કારખાનું ધરાવે છે અને શહેર વોર્ડ નં.૧૧ માં ભાજપ પ્રમુખ તરીકે સેવા આપે છે. ગઇ તા.૦૧/૦૫/૨૦૨૪ના રાત્રીના દોઢેક વાગ્યાની આસપાસ તેઓ ઘરે હતાં ત્યારે તેમના મિત્ર અને કિશાન મોરચા વોર્ડ નં.૧૧ ના મહામંત્રી રાજુભાઇ ડાંગરીયાનો ફોન આવેલ કે, તેઓ રાજદિપ સોસાયટીમાંથી પસાર થતા હતાં ત્યારે જોવામાં આવેલ કે, કેતનભાઇ તાળા, પ્રકાશ વેજપરા, વિપુલ ભાઇ તારપરા, દિપ ભંડેરી રાજદિપ સોસાયટીમાં ઘરે-ઘરે પત્રીકાઓ નાખતા હતાં.

બાદમાં તેઓએ પત્રીકા લઇ વાંચતા તેમાં લેઉવા પટેલ અને કડવા પટેલ સમાજ વચ્ચે મતભેદ થાય તેવા લખાણ લખેલા છે તેવો ફોન આવતા ફરિયાદીએ રૂબરૂ મળવા બોલાવતા રાજુભાઇ બાપસીતારામ ચોક રીચલ પ્રાઇમ એપાર્ટમેન્ટ પાસે ભેગા થયેલા અને પ્રત્રિકા આપતા જેમાં જય સરદાર જય માં ખોડલ જાગો લેઉવા પટેલો જાગો તેવા શીર્ષક હેઠળ પત્રીકામાં લેઉવા પટેલ અ ને કડવા પટેલ વચ્ચે વૈમનસ્ય ઉદભવ થાય તથા બંને સમાજો વચ્ચે મતભેદ ઉત્પન થાય તેવું લખેલ હતું. જેમાં અલગ અલગ દસ મુદ્દાઓ ટાંકી વૈમનસ્ય ઉભું કરવાનો પ્રયાસ કર્યો હતો.

જેથી કેતન તાળા, પ્રકાશ વેજપરા, વિપુલભાઇ તારપરા, દિપ ભંડેરી અને પત્રીકા તૈયાર કરનાર શખ્સોએ આગામી તા.૦૭/૦૫/૨૦૨૪ ના યોજાનાર લોકસભાની ચુંટણીનો પ્રચાર હાલ ચાલી રહેલ હોઇ તે દરમ્યાન લેઉવા પટેલ સમાજ અને કડવા પટેલ સમાજ વચ્ચે વૈમનસ્ય ઉદભવ થાય તેમજ બંને સમાજો વચ્ચે મતભેદ ઉત્પન થાય તેવા લખાણ વાળી પ્રિન્ટર કે પ્રકાશકના નામ વગરની પત્રીકા લોકોમાં વહેચી તેમજ સોશીયલ મીડીયામાં વાયરલ કરી કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરેલ હોય જથી આરોપીઓ સામે ફરીયાદ નોંધાઇ હતી.

બનાવ અંગેની ફરીયાદ પર અને બનાવની ગંભીરતા પારખી ડીસીપી ક્રાઇમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ અને ક્રાઇમ બ્રાન્ચના પીઆઇ એમ.આર.ગોંડલીયા સહિતની ટીમે મોડીરાતે ચારેય કોંગ્રેસી કાર્યકરની ધરપકડ કરી સઘન પૂછપરછ હાથ ધરી હતી.

લેઉઆ પટેલ અને કડવા પટેલ વચ્ચે વૈમન્યસ્ય ઊભું થાય તેવી જાગો લેઉવા પટેલો જાગો નામની પત્રિકા વેંચી તેમજ સોશિયલ મિડિયામાં વાયરલ કરવા મામલે સ્થાનિક ભાજપ આગેવાનોને ધ્યાને આવતાં હાઇકમાન્ડને જાણ કરી હતી. જે બાદ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઇ દોશી, મહાનગરપાલીકા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકર સહિતના આગેવાનોએ પોલીસ કમિશ્નર પાસે દોડી ગયાં હતાં.



### પત્રિકામાં વાયરલ કરેલ મુદ્દા

(૧) આ મતદાન અને વિજેતા ઉમેદવાર ઉપરથી નકિક થાય છે કે ભુતકાળમાં રાજકોટ લોકસભાની સીટ હંમેશા લેઉવા પટેલની જ સીટ રહેલ છે તો પછી પ્રશ્ન એ છે કે શા માટે ભાજપે લેઉવા પટેલની આ પરંપરાગત સીટ કે જયાં લેઉવા પટેલનુ મતદાન વધારે તે કડવા પટેલને સર્મપીત કરી દીધી

(૨) અત્યાર સુધી તો ઠીક પણ આ વખતે તો ભાજપે એવા ઉમેદવારને મેદાનમા ઉતાર્યા છે જે લેઉવા પટેલ સમાજના કટ્ટર વિરોધી છે અત્યાર સુધીનો ઈતિહાસ જોઇલો

(૩) અત્યારના રાજકોટ લોકસભાના ઉમેદવાર ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ હતા ત્યારે તેમણે જુનાગઢમા ભાજપના એક કાર્યક્રમમાં લેઉવા પટેલને ગોધરીયા કહ્યા હતા

(૪) રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવારે ૨૦૧૨ માં લેઉવા પટેલ સમાજના હદય સમ્રાટ કેશુભાઇ પટેલને ભાદરવાનો ભીંડો કહિને અપમાનીત કર્યા હતા

(૫) ૨૦૧૫ મા પાટીદાર અનામત આંદોલન વખતે પટેલોને ઘરમાંથી કાઢી કાઢીને માર્યા હતા અને તેનો સૌથી વધુ ભોગ લેઉવા પટેલ સમાજ બન્યો છે

(૬) જયારે આપણા સમાજની દિકરી આનંદીબેન પટેલ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે જ તેને ઉતારવા માટેનુ ષડયંત્ર પણ આ રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવારના સમાજે ઘડીયુ હતું અને લેઉવા પટેલને હાથો બનાવી આપણી પાસે આપણા સમાજની જ દિકરીનો ભોગ લેવડાવ્યો હતો

(૭) આપણે બે-બે વખત રાજકોટ લોકસભાની સીટ ઉપર કડવા પટેલના ઉમેદવાર મોહનભાઇ કુંડારીયાને સપોર્ટ આપીને જીતાડીયા છે અને આ વખતે રાજકોટ લોકસભાની સીટ ઉપર આપણા લેઉવા પટેલના ઉમેદવાર પરેશભાઈ ધાનાણી લડી રહ્યા છે તો શું આપણા ઉમેદવારને કડવા પટેલ સમાજ સપોર્ટ કરશે ખરા? ખાત્રી છે કે નહિ જ કરે તો જાગો લેઉવા પટેલો અને પરેશભાઈ ધાનાણીને સપોર્ટ કરો

(૮) અત્યારે રાજકોટ લોકસભા ભાજપના ઉમેદવાર છે તે સમાજના લોકો તેવુ અભિમાન કરે છે કે આપણે સામાજીક તેમ જ રાજકિય રીતે સંગઠીત રહેવામા તેનાથી ૫૦ વર્ષ પાછળ છીએ તો લેઉવા પટેલ સમાજની એકતા બતાવવાનો સમય આવી ગયેલ છે

(૯) જયારે લેઉવા પટેલ સમાજના મતની જરૂરીયાત હોય ત્યારે લેઉવા કડવા એક છીએ તેવી વાતો કરતા આ લોકો ભુતકાળમા આપણને નાથદ્વારામાં સમાજના રૂમ પણ આપતા નહી

(૧૦) બે દાયકા પછી રાજકોટ લોકસભા સીટ ઉપર લેઉવા પટેલ ઉમેદવાર ચુંટણી લડી રહયા છે તો આપણને સુવર્ણ તક મળી છે કે આ રાજકોટ લોકસભા સીટને ફરી પાછી લેઉવા પટેલની પરંપરાગત સીટ બનાવીએ વિગેરે લખાણ પત્રીકામાં લખેલ હતું.

# રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીની તૈયારીઓ હવે અંતિમ પડાવમાં: મતદાર સ્લીપનું ૮૭% વિતરણ

## ૨૦૦ મતદાન મથકો પર એરકુલર મુકાશે; મતદાનના દિવસે સવારના ૫-૩૦ વાગ્યે થશે મોકપોલ

રાજકોટ તા.૨

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં સુચારૂ રૂપથી યોજવા માટે જીલ્લા ચૂંટણી તંત્ર હવે પૂર્ણ રૂપે સજ્જ બની ગયું છે. ચૂંટણીની તૈયારીઓ અંતિમ પડાવમાં પહોંચી જવા પામી છે. આ વખતે ગરમીનો પ્રકોપની મતદાન ઉપર અસર પડવાની સંભાવના રહેલી હોય તેની સામે ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી રહી છે.

જેમાં રાજકોટ લોકસભા બેઠક વિસ્તારના ૨૦૦ મતદાન મથકો ઉપર એરકુલર મુકાશે તેમજ ૧૯૨ મતદાન મથકો ઉપર માંડવા નાખી છાંયડાની વ્યવસ્થા ઉભી કરાશે તેમ કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ જણાવી ઉમેર્યુ હતું કે મતદાન કરવામાં મતદારોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે વિશેષ કાળજી લેવામાં આવી રહી છે.

લોકસભાની ચૂંટણીમાં મતદાનનો સમય સવારે ૭થી સાંજના ૬ વાગ્યા સુધી નિયત કરવામાં આવેલ છે. મતદાનનો પ્રારંભ થાય તે પહેલા સવારના ૫-૩૦ કલાકે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં મોકપોલ કરવામાં આવશે. મોકપોલ માટે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની ૧૫ મીનીટ રાહ જોવાની જોગવાઈ છે. આ ૧૫ મીનીટ દરમ્યાન રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ ન આવે તો તેમની ગેરહાજરીમાં પણ મોકપોલ કરી શકાશે.

આ ઉપરાંત ઈવીએમ મશીનોને ડીસ્પેચીંગ સેન્ટરો પરથી મતદાન મથકો સુધી પહોંચાડવા માટે એસટીની ૮૬ બસો સાથે મ્યુ.કોર્પો.ની ૨૦ ઈલેક્ટ્રીક બસોને પણ ઉપયોગમાં લેવામાં આવશે તેમ જણાવી કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ ઉમેર્યુ હતું. ઉનાળાની આ કાળઝાળ ગરમીમાં તમામ મતદાન મથકો પર ઓઆરએસ, તેમજ મેડીકલ કીટને પણ રાખવામાં આવશે.

ઝડપથી મતદાન થાય તે માટે રીઝર્વ સ્ટાફને પણ કામે લગાડવામાં આવશે. આ ઉપરાંત એનસીસીના વોલીયન્ટર્સની સેવા પણ મતદાન મથકો પર લેવામાં આવશે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે રાજકોટ શહેર અને જીલ્લાના ગ્રામ્ય વિસ્તારો માટે સુરક્ષા દળની ત્રણ ત્રણ કંપનીઓનું આગમન થઈ ચૂક્યું છે.

જેમાં રાજકોટ શહેર માટે બીએસએફની-૨ અને સીઆરએફની-૧ તેમજ જીલ્લાના ગ્રામ્ય વિસ્તાર માટે બીએસએફની-૨ અને રેલ્વે પ્રોટેકશન ફોર્સની એક કંપનીનું આગમન થઈ ચૂકયું છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં મતદાર સ્લીપનું ૮૭% વિતરણ અત્યાર સુધીમાં કરી દેવામાં આવેલ છે અને સાંજ સુધીમાં બાકીની તમામ સ્લીપોનું વિતરણ પૂર્ણ થાય તેવા પ્રયાસો છે.




### ગત ચૂંટણીની સાપેક્ષમાં મતદાનની ટકાવારી વધારવા પ્રયાસ

રાજકોટ લોકસભા બેઠકની આ ચૂંટણીમાં ગત ચૂંટણીની સાપેક્ષમાં મતદાનની ટકાવારી વધારવા માટે જીલ્લા વહીવટી તંત્ર અને ચૂંટણીપંચ દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ વખતે ૭૦ ટકા મતદાનો લક્ષ્યાંક રાખવામાં આવી રહ્યો છે પરંતુ ગરમીના પ્રકોપના કારણે મતદાન પર અસર થવાની શકયતા નકારી શકાય તેમ નથી. તેમ છતા જીલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે આ ચૂંટણીમાં ગત ચુંટણીની સાપેક્ષમાં મતદાનની ટકાવારી ૩થી ૪ ટકા વધે તેવી તેવો અંદાજ છે. ૬૭ ટકા મતદાન થવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે.

### રીસીવીંગ-ડીસ્પેચીંગ સેન્ટરો પર પણ મેડીકલ સુવિધા ઉપલબ્ધ કરાશે: કર્મચારીઓને વેફર-બિસ્કીટ અપાશે

રાજકોટ લોકસભા બેઠકના તમામ રીસીવીંગ ડીસ્પેચીંગ સેન્ટરો પર કર્મચારીઓ માટે મેડીકલ સુવિધા ઉપલબ્ધ કરાશે તેમ જણાવી કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ ઉમેર્યુ હતું કે ચૂંટણી ફરજમાં રોકાયેલા કર્મચારીઓને વેફર-બિસ્કીટ પણ નાસ્તા માટે અપાશે.

લોકસભાની આ ચૂંટણીમાં મતદાન માટે ઉપયોગમાં લેવાનાર ઈવીએમ કમીશનીંગની કામગીરી પરિપૂર્ણ કરી દેવામાં આવી છે. મતદાન મથકો માટે એકસ્ટ્રા ઈવીએમ પણ મોકલાશે. જેથી કરીને મતદાન દરમ્યાન કોઈ મશીન ક્ષતિગ્રસ્ત બને તો તાબડતો બીજુ મશીન ઉપયોગમાં લઈ શકાય.

આ ઉપરાંત રાજકોટ લોકસભા બેઠક વિસ્તારમાં ૬૫ જેટલા દિવ્યાંગોએ ટ્રાન્સપોર્ટ અને વ્હીલચેરની વ્યવસ્થા મતદાન માટે ઉપલબ્ધ કરાવવા સક્ષમ એપ્લીકેશન મારફત અત્યાર સુધીમાં અરજી કરી છે. આ દિવ્યાંગોને વ્હીલચેર અને ટ્રાન્સપોર્ટની સુવિધા અપાશે.

# આયુષ્માન કાર્ડનો ભરપૂર ગેરલાભ ઉઠાવવાનું રાજકોટની નિહિત બેબીકેર હોસ્પિટલનું ષડયંત્ર

## તંદુરસ્ત નવજાતને ગંભીર બીમારી બતાવીને રાજકોટના ડોક્ટર ડો.હિરેન મશરૂએ માત્ર ૮ મહિનામાં અઢી કરોડ રૂપિયા પડાવ્યા


ડો. હિરેન એન. મશરૂ




રાજકોટ, તા. ૩: આયુષ્માન યોજના હેઠળ વધારે રૂપિયા મળે તે માટે સ્વસ્થ અને તંદુરસ્ત નવજાતના શરીરમાં છ-છ દિવસ નળીઓ અને સિરિન્જ ભોંકાવી રાખી કરોડો રૂપિયાની કાળી કમાણી કરતા એક તબીબનાં કાળા કરતૂતો બહાર આવ્યાં છે. નવજાતને કોઈપણ પ્રકારની બીમારી ન હોવા છતાં સાચા રિપોર્ટમાં છેડછાડ કરી તેમાં નવજાતને ગંભીર બીમારી છે તેવા નકલી રિપોર્ટ તૈયાર કરાવાતા હોવાનું કારસ્તાન બહાર આવ્યું છે. આયુષ્માન યોજના હેઠળ અનેક પ્રકારની બીમારીઓ આવરી લેવાઈ છે.

આ પૈકી નવજાત બાળકોને કમળો, ઈન્ફેક્શન, ગેસ, ન્યુમોનિયા જેવા રોગ થાય અને એનઆઈસીયુમાં રાખવા પડે તો તેની પણ જોગવાઈ છે. આ કારણે નવજાતની સારવારનો ખર્ચ પરિવારની માથે આવતો નથી અને તેનો જીવ પણ બચાવી શકાય છે. નવજાતના કિસ્સામાં સૌથી ગંભીર સ્થિતિ એ હોય છે કે તેને શું દર્દ થાય છે તે જણાવી શકતું નથી.

આ જ બાબતનો ફાયદો રાજકોટના લક્ષ્મીનગર મેઈન રોડ પર આવેલી નિહિત બેબીકેર હોસ્પિટલના ડો.હિરેન મશરૂએ ઉઠાવ્યો છે. અલગ અલગ ગ્રામ્ય વિસ્તારમાંથી તેમને ત્યાં નિદાન માટે આવતા બાળકો અથવા તો પ્રસૂતિ બાદ સીધા ગાયનેક રીફર કરે તે કેસમાં તેમણે કૌભાંડનો નવો રસ્તો અપનાવ્યો છે. પરિવાર પાસે આયુષ્માન કાર્ડ છે કે નહિ તેની ખરાઈ કરવામાં આવે છે. નવજાતના સેમ્પલ લઈને મંગલમ લેબોરેટરીમાં મોકલવામાં આવે અને જ્યારે રિપોર્ટ આવે અને તેમાં કોઇ સમસ્યા ન હોય તો ડો.મશરૂ તે રિપોર્ટમાં ચેડાં કરી એડિટિંગ કરી તેના આંકડા ફેરવી ઈન્ફેક્શન બતાવી નવજાતને ૭થી ૧૦ દિવસ એનઆઈસીયુમાં દાખલ કરાવી દે છે. ત્યારબાદ આ ડોક્યુમેન્ટ તેઓ આયુષ્માન યોજના કે જે પીએમજેએવાય તરીકે ઓળખાય છે તેના પોર્ટલમાં અપલોડ કરી મંજૂરી મેળવી લે છે. મંજૂરી મળતા પ્રતિ દિવસ તેમને ૯થી ૧૦ હજાર રૂપિયા મળવાના શરૂ થાય છે. માત્ર લેબ રિપોર્ટમાં જ ચેડાં કર્યા બાદ તેમણે એક્સ-રેમાં પણ આવી જ ચીટિંગ કરી છે. બે વર્ષ જૂના એક નવજાતને રોગનું નિદાન થયાનું એક્સ રેની પ્લેટના ફોટો લઈ તેમાં નામ કાઢી તેનો ફરી ફોટો પાડી બાળકને સમસ્યા હોવાનું બતાવી તેની પણ સારવારના પૈસા મેળવી લીધા છે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારના પરિવારજનો પાસે એમ્બ્યુલન્સ ચાર્જ પણ લઈ લે છે.

### પ્રસૂતાથી તેના સંતાનને દૂર રાખ્યા

ડો.મશરૂએ માત્ર પૈસા જ નહિ પણ અનેક પરિવાર સાથે રમત કરી છે. પ્રસૂતાથી તેના સંતાનને દૂર રાખ્યા અને પરિવાર કે જેની ઉપર હવે પ્રસૂતા અને બાળક બંને માટે અલગ અલગ હોસ્પિટલ જવાની ચિંતા પણ આવી છે. આવા અનેક પરિવારો ફક્તને ફક્ત ડો.મશરૂની લાલચને કારણે પીડાયા છે. મંગલમ લેબમાં બાવળિયા પરિવારના નવજાતના રિપોર્ટ કરાયા હતા. જેમાં સીઆરપી ૩.૮૦ હતું જેને કમ્પ્યૂટરમાં એડિટ કરીને ૪૩.૮૦ કરી દેવાયા હતા.

### ડો.મશરુએ આઠ મહિનામાં જ ૫૨૩ દર્દીમાંથી ૨.૫૩ કરોડની કમાણી કરી

ડો.મશરુએ અત્યાર સુધીમાં કેટલા દર્દીઓની સારવાર આયુષ્માન કાર્ડના લાભાર્થી તરીકે કરી છે તેની વિગતો મેળવવા પ્રયત્ન કરાયો હતો. જુલાઈ ૨૦૨૩થી અત્યાર સુધીમાં ૫૨૩ દર્દીની સારવાર કરી છે અને ૨.૫૩ કરોડ રૂપિયા મેળવી લીધા છે. ડો. મશરુનું કારસ્તાન ચાર વર્ષથી ચાલી રહ્યું છે. જેનો આંક મેળવવામાં આવે તેમજ લેબ રિપોર્ટની તપાસ કરવામાં આવે તો કરોડો રૂપિયાનું કૌભાંડ બહાર આવશે.

### તબીબના કહેવાથી રિપોર્ટમાં ફેરફાર કરતા કમ્પ્યૂટર ઓપરેટરે જ કર્યો ભાંડાફોડ

નિહિત બેબીકેરમાં ફરજ બજાવતા કમ્પ્યૂટર ઓપરેટર રવિ સોલંકીને ડો.મશરુ વિવિધ રિપોર્ટ મોકલતો હતો. તે રિપોર્ટમાં શું ફેરફાર કરવા તેની મોબાઈલ ફોન પર સૂચના આપીને બાદમાં તેની પ્રિન્ટ કાઢવાનું કહેતો હતો. રવિએ જણાવ્યું હતું કે, તેની પાસે અનેક રિપોર્ટમાં ફેરફાર કરાવાયા હતા. તેને મેડિકલનું જ્ઞાન ન હોવાથી જેમ ડોક્ટર કહેતા તેમ કરતો હતો. જોકે ગુનાહિત કામ હોવાની જાણ થતા તેણે નોકરી છોડી હતી.



**સ્વસ્થ નવજાતને ભયાનક યાતના આપી શરીરમાં છ-છ દિવસ નળીઓ અને સિરિન્જ ભોંકાવી રાખતો**

# રાહુલ ગાંધીએ રાયબરેલીથી ઉમેદવારી નોંધાવી

## ■ સોનિયા, પ્રિયંકા અને ખડગે હાજર રહ્યા; પ્રિયંકાએ કહ્યુંઃ અમે સેવાની રાજનીતિ ઈચ્છીએ છીએ



લખનૌ, તા. ૩ઃ રાહુલ ગાંધીએ રાયબરેલીથી ઉમેદવારી નોંધાવી છે. તેમની સાથે સોનિયા ગાંધી, બહેન પ્રિયંકા ગાંધી, રોબર્ટ વાડ્રા હાજર રહ્યા હતા. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પણ રાયબરેલીમાં રાહુલ સાથે હાજર રહ્યા હતા. આ તરફ અમેઠીથી કિશોર લાલ શર્માએ પણ ઉમેદવારી નોંધાવી છે.

રાહુલ ગાંધી માતા સોનિયાની સીટ રાયબરેલીથી ચૂંટણી લડશે. કોંગ્રેસે તેમના નામની જાહેરાત કરી હતી. આ તરફ પ્રિયંકા ગાંધી ચૂંટણી નહીં લડે. જ્યારે કોંગ્રેસે અમેઠીથી કિશોરી લાલ શર્માને મેદાનમાં ઉતાર્યા છે. કિશોરી લાલને સોનિયા ગાંધીના વિશ્વાસુ માનવામાં આવે છે. શુક્રવારે સવારે ૯ વાગ્યે રાહુલ પરિવાર સાથે દિલ્હીથી રાયબરેલી જવા રવાના થયા હતા. સવારે ૧૦.૩૦ વાગ્યે અમેઠી-રાયબરેલી બોર્ડર પર આવેલ ફુરસતગંજ એરપોર્ટ પર ઉતર્યા હતા.

એરપોર્ટ પરથી સોનિયા અને રાહુલ, રોબર્ટ વાડ્રા અને રાજસ્થાનના પૂર્વ સીએમ રાયબરેલી કોંગ્રેસ કાર્યાલય પહોંચ્યા હતા, જ્યારે પ્રિયંકા અને ગેહલોત અમેઠી ગયા હતા. પ્રિયંકાએ અહીં રોડ શો કર્યો હતો. રાહુલના નોમિનેશનમાં આખો ગાંધી પરિવાર આવ્યો છે. ૨૦૧૯ની ચૂંટણી બાદ સોનિયા ગાંધી રાયબરેલી પહોંચ્યા હતા.

પહેલા કોંગ્રેસના નેતાઓએ રાહુલને અમેઠીથી અને પ્રિયંકા રાયબરેલીથી લડવાની વાત કરી હતી. જોકે, પ્રિયંકા ચૂંટણી લડવા માટે તૈયાર નહોતાં. આજે રાયબરેલી-અમેઠી સીટ માટે નોમિનેશનની છેલ્લી તારીખ હતી.

# રાહુલ ગાંધીને વાયનાડથી હારી જવાનો ડર!ઃ અમેઠીથી ભાગીને રાયબરેલી પહોંચ્યાઃ મોદી

## ■ વડાપ્રધાન ૩ મેના રોજ પશ્ચિમ બંગાળમાં ત્રણ રેલી કરશે, આ રેલી- બર્ધમાન પૂર્વ, કૃષ્ણાનગર અને બોલપુરમાં છે



નવી દિલ્હી, તા. ૩ઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે પશ્ચિમ બંગાળના બર્ધમાન-દુર્ગાપુર અને કૃષ્ણનગરમાં સભા યોજી હતી. મોદીએ તેમના ભાષણની શરૂઆત જય મા દુર્ગા, જય મા કાલી અને હર હર મહાદેવના નારા સાથે કરી હતી.

૩૯ મિનિટના ભાષણમાં મોદીએ પશ્ચિમ બંગાળની મમતા બેનર્જી સરકાર, સંદેશખાલી, રામમંદિર, રામનવમી, વોટ-જેહાદ, કોંગ્રેસ અને રાહુલ ગાંધીની રાયબરેલી બેઠક પરથી ચૂંટણી લડવા બાબતે વાત કરી હતી.

તેમણે કહ્યું- TMCના એક ધારાસભ્ય કહે છે કે હિન્દુઓને ભાગીરથીમાં ફેંકી દેવાશે. તેઓ કઈ ભાષા બોલે છે? બંગાળ સરકારે અહીંના હિન્દુઓને બીજા વર્ગના નાગરિક બનાવ્યા છે. સંદેશખાલીમાં દલિત બહેનો પર અત્યાચાર થઈ રહ્યો છે અને અહીંની સરકાર આરોપીઓને બચાવવામાં વ્યસ્ત છે. એ પણ માત્ર એટલા માટે કે તેનું નામ શાહજહાં શેખ છે.

મોદીએ આગળ કહ્યું, બે તબક્કાનાં મતદાન બાદ વિપક્ષ મોદી વિરુદ્ધ વોટ-જેહાદ કરી રહ્યો છે. દેશના લોકો જેહાદનો અર્થ સારી રીતે સમજે છે.

વડાપ્રધાને રાહુલ પર કહ્યું- શેહઝાદાને વાયનાડથી હારી જવાનો ડર છે, તેથી અમેઠીથી ભાગીને રાયબરેલી પહોંચ્યા. તેઓ બધાને કહે છે - ડરશો નહીં. હું તેમને કહું છું- ડરશો નહીં... ભાગો નહીં.


મોદીએ કહ્યું- દેશ અને તમે બધાએ મને ખૂબ આશીર્વાદ આપ્યા છે. કદાચ કોઈ વ્યક્તિ તેના જીવનમાં કલ્પના પણ ન કરી શકે કે ભગવાનના રૂપમાં લોકો આટલા બધા આશીર્વાદ વરસાવે અને અવિરત વરસે તથા આ આશીર્વાદ વર્ષોવર્ષ વધતા જાય છે. જીવનમાં આનાથી મોટો સંતોષ કયો હોય? તેમણે કહ્યું, તમે એ પણ જાણો છો કે જો પદ અને પ્રતિષ્ઠાની ઈચ્છા હોય તો એક વખત કોઈ વ્યક્તિ PMના શપથ લે છે, તો તે ચોક્કસપણે તેના જીવનમાં ઊંચાઈ પ્રાપ્ત કરે છે અને તેનું નામ ઈતિહાસમાં નોંધાઈ જાય છે. લોકોને લાગે છે કે મોદીજી બે વખત પીએમ રહી ચૂક્યા છે અને દુનિયામાં એટલા પ્રખ્યાત થઈ ગયા છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે પશ્ચિમ બંગાળના બર્ધમાન-દુર્ગાપુર અને કૃષ્ણનગરમાં સભા યોજી હતી. મોદીએ તેમના ભાષણની શરૂઆત જય મા દુર્ગા, જય મા કાલી અને હર હર મહાદેવના નારા સાથે કરી હતી.

૩૯ મિનિટના ભાષણમાં મોદીએ પશ્ચિમ બંગાળની મમતા બેનર્જી સરકાર, સંદેશખાલી, રામમંદિર, રામનવમી, વોટ-જેહાદ, કોંગ્રેસ અને રાહુલ ગાંધીની રાયબરેલી બેઠક પરથી ચૂંટણી લડવા બાબતે વાત કરી હતી.TMCના એક ધારાસભ્ય કહે છે કે હિન્દુઓને ભાગીરથીમાં ફેંકી દેવાશે. તેઓ કઈ ભાષા બોલે છે? બંગાળ સરકારે અહીંના હિન્દુઓને બીજા વર્ગના નાગરિક બનાવ્યા છે. સંદેશખાલીમાં દલિત બહેનો પર અત્યાચાર થઈ રહ્યો છે અને અહીંની સરકાર આરોપીઓને બચાવવામાં વ્યસ્ત છે. એ પણ માત્ર એટલા માટે કે તેનું નામ શાહજહાં શેખ છે.


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા
માટે આપેલ QR CODE SCAN
કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71

નો ફેવર, નો ફિઅર...
# સામના મિરર
Daily Morning Newspaper











## ડિજિટલ ભારતની સાથે
## તમે પણ બનો ડિજિટલ...

**તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...**


મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ** પર

**Hi લખીને મોકલો**

**98983 17826**

**અને જોડાઇ જાવ અમારી સાથે...**


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062